*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




ૐ

શુદ્ધ આત્મા સિવાય બીજા પાંચ દ્રવ્યો
અને સંસારી જીવનું જ્ઞાન કરતા જ્ઞાન કરનારને
જ્ઞાન નથી, તેમ શુદ્ધ નથી.
શુદ્ધ સ્વભાવના જ્ઞાન કરનારને જ્ઞાન છે
અને શુદ્ધ છે, માટે શુદ્ધાત્મા જ ઉપાદેય છે.

( પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તાક્ષર )




તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૩, અષાઢ ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૪: અંક ૯ [ ૪૦૫ ]

## ❀ ❀ ❀ સાક્ષાત્ અમૃતકુંભ : જ્ઞાનીનો શુદ્ધોપયોગ
## વ્યવહારે અમૃતકુંભ : જ્ઞાનીના વ્યવહાર પ્રતિક્રમણાદિ
## ❀ ❀ ❀ વિષકુંભ : અજ્ઞાનીના વ્યવહાર પ્રતિક્રમણાદિ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૬-૩૦૭, પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી, તા. ૧૩-૬-૭૭ ]

વ્યવહારનય-અવલંબી-અજ્ઞાની એમ દલીલ કરે છે કે તમે પહેલેથી જ શુદ્ધાત્માની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવાનું કહો છો પણ પહેલાં પ્રતિક્રમણાદિ શુભભાવ કરવા દો ને એટલે અશુભભાવથી તો બચી શકાય! કેમ કે આઠ પ્રકારના અપ્રતિક્રમણાદિને વિષકુંભ તથા આઠ પ્રકારના પ્રતિક્રમણાદિને અમૃતકુંભ વ્યવહાર ગ્રંથોમાં કહ્યા છે. માટે શુદ્ધાત્માની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવાનું શું કામ છે?

અજ્ઞાનીના તર્કનું સમાધાન કરાવવા આચાર્યદેવ ગાથા કહે છે :

પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,
વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.
અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,
અનિવૃત્તિ અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.

અજ્ઞાનીને જે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય છે તે તો ઝેરના ઘડા જ છે તેથી તેનો વિચાર કરવાનું કોઈ પ્રયોજન નથી. જેને આત્માનું ભાન નથી ને એકલા મિથ્યાત્વનું સેવન કરે છે તેના અપ્રતિક્રમણાદિની તો શું વાત કરવી? પરંતુ જ્ઞાનીને પ્રતિક્રમણાદિ જે શુભભાવ આવે છે તે અપ્રતિક્રમણાદિ પાપને ક્રમે ઘટાડવા સમર્થ છે, પણ કોને?-કે જેને નિશ્ચય-પ્રતિક્રમણ અર્થાત્ સમ્યગ્દર્શન છે એવા જ્ઞાનીને પ્રતિક્રમણાદિ શુભરાગ અપ્રતિક્રમણાદિ દોષોને ઘટાડવા સમર્થ છે, તેથી વ્યવહાર-પ્રતિક્રમણાદિને વ્યવહારથી અમૃતકુંભ કહેવામાં આવ્યો છે. જેને વીતરાગતા પ્રગટ થઈ છે એવા જ્ઞાનીને

[ અનુંધાન પાનું ૧૩ ]

વાર્ષિક લવાજમ છ રૂપિયા
વર્ષ ૩૪ અંક ૯




વીર સં. ૨૫૦૩
: અષાઢ :
A.D.1977
JULY.

# ❁ પરમ વિશુદ્ધિની પ્રાપ્તિ થાઓ ❁

દિગંબર મહાસંત શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનો આ પોકાર છે કે અમને શુદ્ધિની પ્રાપ્તિ તો થઈ છે પણ આ ટીકાના કાળે પરમ વિશુદ્ધિની પ્રાપ્તિ થાઓ. પાંચમાં આરાના આચાર્યદેવ જાણે છે કે આ કાળે મોક્ષ નથી છતાં ભાવના તો એમ જ હોય ને કે અમને પરમ વિશુદ્ધિની પ્રાપ્તિ થાઓ! અમારી નજર ચોથા કે પંચમ કાળ સામે નથી, અમારી નજર તો, અમારા દ્રવ્યસ્વભાવ પર છે, તેથી જે અનાદિની પર્યાયમાં અશુદ્ધતા છે–કલંક છે, તે આ ટીકાના કાળે વિનાશ પામો ને અમને પરમ વિશુદ્ધિની પ્રાપ્તિ થાઓ.

[ શ્રી સમયસાર–કલશ ટીકા, કલશ ૩, પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી, તા. ૨–૬–૭૭ ]

સમ્યગ્દર્શનનો અનુભવ થઈને પર્યાયમાં વિશુદ્ધિ તો થઈ છે પણ પર્યાયમાં પૂર્ણતા થઈ નથી તેથી પૂર્ણતાની ભાવના અર્થે શાસ્ત્રકર્તા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ આ કળશ કહે છે.

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा–
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते–
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।। ३।।

દિગંબર સંત વનવાસી મુનિ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે મારો પ્રભુ તો ચૈતન્ય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે તેનું નિર્મળ પરિણમન તો છે પણ મને પરમ વિશુદ્ધિ પ્રાપ્ત થાઓ. મારી પર્યાયમાં મલિનતા તો છે, હું હજી પૂર્ણ શુદ્ધ નથી તેથી મને પૂર્ણ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ. આચાર્ય મહારાજ પોતે કહે છે કે મને શુદ્ધ સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ થાઓ, ઉત્કૃષ્ટ શુદ્ધિની મને પ્રાપ્તિ થાઓ.

શુદ્ધિની પ્રાપ્તિ છે એવા આચાર્યદેવ કહે છે કે મને પરમ વિશુદ્ધિ હો. છઠ્ઠે ગુણસ્થાને મુનિને વિકલ્પ છે, ત્યારનો આ પોકાર છે કે મને આ સર્વોત્કૃષ્ટ શુદ્ધિની પ્રાપ્તિ થાઓ. પોતે ખાતરી આપે છે કે મને શુદ્ધિ તો છે અને આવો પંચમકાળ છે છતાં મને પરમ વિશુદ્ધિની પ્રાપ્તિ થાઓ એમ જ ભાવના વર્તે છે.

ભગવાન પોતે જ અમૃતરસના સાગરથી ભરેલો છે અને તેની દ્રષ્ટિ હોવાથી શુદ્ધિ તો છે પણ અમને પરમાત્મદશા પ્રાપ્ત થાઓ એમ ભાવના ભાવે છે. કોઈ કહેશે કે વર્તમાનમાં તો મોક્ષ નથી ને?–પણ ભાઈ! ભાવના તો એમ જ હોય ને! આચાર્યદેવ કહે છે કે અમે કાળ સામે જોતા નથી અમે તો અમારા આત્મા સામે જોઈએ છીએ તેથી અમને પરમાત્મદશા પ્રગટ થાઓ–પૂર્ણાનંદની પ્રાપ્તિ થાઓ એવી અમારી ભાવના છે.

મારો નાથ પૂર્ણાનંદ પ્રભુ છે. તેના ઉપર અમારી દ્રષ્ટિનું જોર હોવાથી શાસ્ત્રરચનાના કાળે અમને પૂર્ણાનંદની પ્રાપ્તિ થાઓ. અમે પાંચમો આરો છે કે ચોથો આરો છે તે જોતા નથી અમે તો પરમાનંદનો પિંડ આત્મા છે તેને જોયો છે, પણ અમારી દશામાં જે રીતે દ્રવ્ય–ગુણ શુદ્ધ છે તે રીતે પર્યાયમાં શુદ્ધતા આવી નથી તેથી દશામાં અમને એવી પરમ શુદ્ધતા પ્રાપ્ત થાઓ.

પંચમકાળમાં મોક્ષ ન હોય ને?–સાંભળ ભાઈ! અમે તો મોક્ષની જ ભાવના કરીયે છીએ, અમને નથી જોઈતું સ્વર્ગ કે નથી જોઈતું તીર્થંકરપદ. અમને તો પરમ સર્વોત્કૃષ્ટ શુદ્ધિની પ્રાપ્તિ થાઓ. પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ કેવી રીતે થાઓ તે કહે છે.

સમયસારમાં સામાન્યપણે–ટૂંકાણમાં છે તેના વિશેષ કથનથી અમને શુદ્ધ સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ થાઓ. કેવી રીતે?–કે સમયસારની વિશેષ વ્યાખ્યાથી જ–ટીકાથી જ

–ઉપદેશથી જ શુદ્ધિ થાઓ. ઉપદેશ એ તો રાગ છે, તેનાથી પૂર્ણ નિર્મળતાની પ્રાપ્તિ ન થાય પણ કથનની શૈલીમાં એમ આવે.

આત્મા એને કહીયે કે જે અનંત અતીન્દ્રિય આનંદનું પૂર છે, તેનું જ્ઞાન ને શ્રદ્ધા થતાં દશામાં અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ આવે છે. આ તો આચાર્ય મહારાજ છે, તેને તો પ્રચુર સ્વસંવેદન છે, તેઓને પૂર્ણાનંદની પ્રાપ્તિનું ઘોલન છે. ટીકાનો વિકલ્પ ભલે હોય પણ અમને તો આ એક જ ઘોલન છે કે શુદ્ધતાની પરિપૂર્ણતા થાઓ.

સમયસારનો મહિમા દર્શાવતા કહે છે કે આ શાસ્ત્ર તો પરમાર્થસ્વરૂપ છે ને વૈરાગ્યોત્પાદક છે. સમયસાર શાસ્ત્ર છે તે પરમ પ્રભુ પરમાત્માને બતાવનારું ને પર તરફથી ઉદાસીન કરનારું છે. પોતાના પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ય એવું જે પરમાર્થસ્વરૂપ તેને બતાવનારું ને વિકલ્પથી ઉદાસીન કરનારું વૈરાગ્યપ્રેરક આ સમયસાર શાસ્ત્ર છે. શાસ્ત્ર કાંઈ કરતું નથી પણ તે કાળે નિમિત્ત આવું જ હોય. કેવું છે આ સમયસાર શાસ્ત્ર ?–કે અન્યમતના શાસ્ત્રોની જેમ રાગવર્ધક નથી પણ સર્વજ્ઞનું કહેલું ને વૈરાગ્યવર્ધક આ શાસ્ત્ર છે. આ શાસ્ત્ર તો સ્વરૂપની પરિપૂર્ણતાની પ્રાપ્તિની અસ્તિ બતાવે છે ને જેમાં પરનો બિલકુલ અંશ નથી એવા વૈરાગ્યનો ઉત્પાદક છે. એમ કહીને એમ કહ્યું છે કે આ શાસ્ત્ર ભણતરથી રાગની વૃદ્ધિ થતી નથી પણ વૈરાગ્યની વૃદ્ધિ થાય છે.

હવે કહે છે કે હું કેવો છું ?–પંચમ આરાના આચાર્યદેવ કહે છે કે હું કેવો છું ?–કે વ્યવહાર પુણ્ય–પાપ આદિ મારું સ્વપ્ન નથી. હું તો અતીન્દ્રિય સુખ સ્વરૂપ છું. હું–આ આત્મા કેવો છે ? કે અતીન્દ્રિય સુખનો સાગર છે, તેમાં વિકલ્પ પણ નથી ને દુઃખ પણ નથી. અતીન્દ્રિય સુખ તે જ છે સ્વરૂપ જેનું એવો હું છું. અતીન્દ્રિય સુખ સ્વરૂપ જ છું તો બીજા બધા ગુણો ક્યાં ગયા ?–કે અતીન્દ્રિય સુખમાં બધા સમાઈ ગયા. આનંદની પ્રધાનતાનું કથન છે, સુખની પ્રધાનતાથી કહ્યું છે કેમ કે દુનિયાને સુખની પ્રધાનતા છે ને ! તેથી અતીન્દ્રિય સુખ સ્વરૂપ તે જ આત્મા છે એમ કહ્યું.

વળી કેવો છું ?–કે રાગાદિ ઉપાધિથી રહિત છું, દેવ–શાસ્ત્ર–ગુરુનો વિકલ્પ છે તે મારો નથી, તેનાથી રહિત એવો હું ચૈતન્યસ્વરૂપ છું, ચિન્માત્ર સ્વરૂપ છું. અરેરે ! આવી વાત એને સાંભળવામાં ન આવે તો ક્યારે તેની શ્રદ્ધા થાય ને ક્યારે તેનો અનુભવ થાય !

એકલું જાણવું... જાણવું... જાણવું, જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા મારું સ્વરૂપ છે. હું કોઈનું કરી દઉં એવું મારું સ્વરૂપ નથી. દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે એવી દ્રવ્યાર્થિકનયે દ્રવ્યસ્વરૂપ તો ચિન્માત્ર–ચૈતન્યમાત્ર જ છે પણ વ્યહારનયે અત્યારે પર્યાયે હું કેવો છું

તે અહીં કહે છે. શુદ્ધતા પ્રગટી છે પણ પૂર્ણ શુદ્ધતા પ્રગટી નથી તેથી અશુદ્ધતા છે તે તો અનાદિની નિરંતર છે. પોતે મુનિ છે પણ જે અશુદ્ધતા છે તે તો અનાદિની પર્યાયમાં છે, કેમ કે પૂર્ણ શુદ્ધતા થઈ જ નથી તેથી જે અશુદ્ધતા રહી છે તે અનાદિની નિરંતર પ્રવર્તે છે. જો સ્વ-આશ્રયે પૂર્ણતા થઈ હોય તો આ અશુદ્ધતા બાકી ન હોત.

મારું જેટલું વલણ પણ તરફ જાય છે તેટલો વિષય-કષાય છે. વિષય-કષાય કહેતાં મુનિને નીચલી ભૂમિકા જેવા વિષય-કષાય નથી હોતાં પણ જેટલું પર તરફ લક્ષ જાય છે ને રાગ થાય છે તે વિષય-કષાય છે. હજુ મને વારંવાર વિભાવનું પરિણમન થાય છે. અહા ! સંત કહે છે કે મારી પર્યાયમાં હજુ અશુદ્ધતાની વ્યાપ્તિ નિરંતર થયા જ કરે છે.

મારો નાથ તો અતીન્દ્રિય આનંદને ચિન્માત્ર મૂર્તિ સ્વરૂપે છે પણ મને પર્યાયમાં હજુ રાગનું કલંક છે, રાગ ઉત્પન્ન થાય છે. જેને શુદ્ધ ઉપયોગનું પરિણમન છે એવા આચાર્યદેવ કહે છે કે મને હજુ વિકલ્પ ઊઠે છે તે રાગ છે, કલંક છે. પર્યાયદશાએ જીવવસ્તુ અનાદિની અશુદ્ધપણે પરિણમી છે. આનંદના સાગરને રાગ ન શોભે, કેમ કે તે કલંક છે. જ્ઞાનમાત્ર ને આનંદમાત્ર છે તેને શુભરાગ કલંક છે, તે શોભતો નથી.

જે અશુદ્ધપણું છે તે નવું નથી, અનાદિનું છે. જેટલું અશુદ્ધપણું બાકી રહી ગયું છે તે નવું નથી, મારી પર્યાયમાં તે કલંક છે. તેથી આ ટીકાના કાળે મને પરમ વિશુદ્ધિ હો એમ આચાર્યદેવે કહ્યું. ટીકાના કાળે વિકલ્પ છે છતાં દ્રવ્યની દ્રષ્ટિનું જોર વર્તે છે તેથી દ્રષ્ટિના જોરે પરમ વિશુદ્ધિની પ્રાપ્તિ થાઓ એમ ટીકાનું ફળ કહે છે.

ત્યારે કોઈ પ્રશ્ન કરે છે કે જીવવસ્તુ અનાદિથી અશુદ્ધરૂપ પરિણમી છે તો કોઈ નિમિત્ત છે કે નહીં ? પવિત્રતા હતી તે તો પ્રગટી પણ જે આ અપવિત્રતા છે તે કઈ રીતે આવી ? તેમાં કાંઈ નિમિત્ત છે કે નહીં ? એટલે કે ધર્મની દશા પ્રગટ થઈ તેનું કારણ આત્મા છે તો અશુદ્ધતામાં કોઈ નિમિત્ત છે કે નહીં ? ધર્મ દશામાં ત્રિકાળી આત્મા નિમિત્ત છે, પવિત્રતા પ્રગટી તેમાં આત્મા નિમિત્ત છે પણ જે અશુદ્ધતા બાકી રહી છે તેનું નિમિત્ત કોણ ? વીતરાગતા પ્રગટી છે તેનું કારણ તો આત્મા છે પણ અશુદ્ધતાનું કોઈ નિમિત્તમાત્ર છે કે નહીં ? શુદ્ધતા છે તેનું ઉપાદાન અમારામાં છે-શુદ્ધતા પોતે ઉપાદાન છે અને આત્મા નિમિત્ત છે, તેમ જે અશુદ્ધતા છે તેનું ઉપાદાન કારણ અશુદ્ધતા પોતે છે પણ તેનું કોઈ નિમિત્તમાત્ર છે કે નહીં ? તેને ઉત્તર કહે છે કે મોહકર્મનો ઉદય અશુદ્ધતામાં નિમિત્તમાત્ર છે. કર્મના ઉદયે અશુદ્ધતા કરાવી છે તેમ નથી. અશુદ્ધતા તો મારા ઉપાદાનથી જ થઈ છે પણ મોહકર્મનો ઉદય તેમાં નિમિત્તમાત્ર છે.

( અનુસંધાન પાનું ૧૦ )

## ❀ અજ્ઞાની એક જેવા પ્રતિભાસતા ❀

# જીવ અને રાગ પ્રજ્ઞા વડે ભેદાય છે

**જ્ઞાન અને રાગ એકીસાથે ઊપજતાં હોવાથી, જ્ઞેયા જ્ઞાયકભાવની અતિ નિકટતાને લીધે અજ્ઞાનપણે તેઓ એક જેવા ભાસે છે તો તેને જુદા શી રીતે કરી શકાય ?-તે વાત અહીં આચાર્યદેવ સમજાવે છે કે આત્મા અને બંધના નિયત સ્વલક્ષણોને ઓળખીને તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને એટલે કે પ્રજ્ઞાને તેમના વચ્ચેની સૂક્ષ્મસંધિમાં સાવધાનીથી મારવાથી બંને જુદી પડી જાય છે. અનાદિથી અજ્ઞાનને લીધે જેઓ એક જેવા લાગે છે તેમને શ્રીગુરુના ઉપદેશથી નિયત સ્વલક્ષણો દ્વારા જ્ઞાન તે આત્મા અને રાગ તે બંધ-એમ નિર્ણય કરીને તીક્ષ્ણબુદ્ધિ વડે તેઓને જુદા કરી શકાય છે.**

[ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી, તા. ૨૨–૫–૭૭ ]

આત્મા આનંદસ્વરૂપ વસ્તુ છે અને તેની પર્યાયમાં પુણ્ય–પાપનો વિકારી ભાવ તે દુઃખ છે. જેને દુઃખથી છૂટવું છે ને આનંદ પ્રગટ કરવો છે એવો જિજ્ઞાસુ જીવ જીજ્ઞાસાથી ને ધગશથી પૂછે છે કે આત્મા અને બંધને જુદા કરવાનું સાધન શું? –શુભાશુભ રાગને જુદા પાડવાનો ઉપાય શું? તેના ઉત્તરરૂપે આચાર્ય મહારાજ આ ગાથા કહે છે.

**જીવ બંધ બંને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બંને જુદા પડી જાય છે. ૨૯૪.**

શાંત શાંત સ્વરૂપ ભગવાન આત્મા અને પુણ્ય–પાપના ભાવને જુદા પાડવારૂપી કાર્યનો કર્તા આત્મા છે, બન્નેને જુદા પાડવાના કાર્યનો કર્તા રાગ નથી, કેમકે શુભરાગથી તો જુદો પાડવો છે તો તે રાગ કર્તા કેમ હોઈ શકે? અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો આત્મા અને પુણ્ય–પાપના ભાવથી ભરેલી દુઃખ દશા તે બન્નેને જુદા પાડવાના કાર્યમાં

કર્તા આત્મા છે તો તેનું સાધન કોણ છે તે વિચારીયે. વિચારીયે એમ કહીને શ્રોતાને પણ સાથે લીધા છે.

બન્નેને જુદા કરવાના કારકનો વિચાર કરતાં–ઊંડી તપાસ કરતાં આત્મામાં જે કર્તા નામની શક્તિ છે તે પર્યાયમાં કર્તા થઈને બન્નેને જુદા પાડવાનું કાર્ય કરે છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ અને પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવો તે બન્નેને ભિન્ન કરવાના કાર્યનો કર્તા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે અને તેનું સાધન નિશ્ચયનયે કર્તાથી ભિન્ન ન હોઈ શકે. વિકારના ભાવોને જુદા કરવામાં કરનારો આત્મા છે તો જુદા પાડવામાં સાધન કોણ ?–તેની આ વાત ચાલે છે.

ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે, જ્ઞાનબિંબ છે અને તે રાગથી ભિન્ન પાડવાના કાર્યનો કર્તા છે અને તેનું સાધન પણ આત્મા જ છે એટલે કે આત્માની પર્યાય જ સાધન છે. કેમ કે નિશ્ચયથી કર્તા આત્માથી સાધન ભિન્ન ન હોઈ શકે, તેથી ભિન્ન પાડવાનું સાધન જ્ઞાનની દશા છે, ભગવતી પ્રજ્ઞા જ સાધન છે. જ્ઞાનની વર્તમાન દશા અંતર્મુખ વળતાં વિકારથી ભિન્ન પડે તે જ સાધન છે.

પ્રશ્નઃ– બન્ને જુદા જ છે તે જુદા પાડવાના સાધનની વાત ક્યાં રહી ?

ઉત્તરઃ– જુદા હોવા છતાં જુદા માન્યા છે ક્યાં ? તેથી જુદા પાડવાનું સાધન શું છે તે સમજાવાય છે. જ્ઞાનની વર્તમાન દશાને વિકાર સાથે એકતા હતી તે જ્ઞાનની પર્યાય અંતરમાં વળે છે તે ભગવતી પ્રજ્ઞા છે અને તે ભગવતી પ્રજ્ઞા સાધન છે. વસ્તુ સાધન નથી પણ તેની પ્રજ્ઞા દશા તે સાધન છે. કર્તા, કરણ ગુણ છે પણ તેની નિર્મળ પર્યાય તે સાધન છે.

જ્ઞાનની દશા અંતરમાં વળે તે એક જ વિકારથી ભિન્ન પડવાનું સાધન છે, બીજું કોઈ સાધન નથી. રાગથી ભિન્ન પડીને જ્ઞાનની પર્યાય અંતરમાં વળે છે તે જ્ઞાનની પર્યાય સાધન છે. બન્નેને ભિન્ન પાડવાના કાર્યનો કર્તા આત્મા છે એટલે કે જ્ઞાનની પર્યાય તે કાર્યનો કર્તા છે અને જ્ઞાનની પર્યાય અંતરમાં વળે તે પ્રજ્ઞા સાધન છે, કેમ કે સાધન ને કર્તા અભિન્ન છે.

જેમ કરવત મુકતા લાકડામાં બે ભાગ પડી જાય છે તેમ વિકારને ને આત્માને ભિન્ન પાડવામાં પ્રજ્ઞા જ કરણ છે. જ્ઞાનની દશા વિકારમાં જોડાઈને રોકાઈ છે તે જ્ઞાન દશાને ત્યાંથી છોડીને અંતરમાં વાળવામાં આવતાં આત્મા અને વિકારની ભિન્નતા થઈ જાય છે એટલે કે બેનું બેપણું થઈ જાય છે અને તેનું નામ ધર્મ છે. પ્રજ્ઞા વડે આત્મા અને

રાગને જુદા પડતા જે રાગ ને આત્મા એકપણે માનતો હતો તે હવે રાગ રાગપણે રહી જાય છે અને આત્મા તેનો જ્ઞાતા રહી જાય છે, એ રીતે બે બેપણે રહી જાય છે.

ત્યારે હવે શિષ્ય પૂછે છે કે આ આત્મા છે તે આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે અને જે પુણ્ય–પાપના ભાવ થાય છે તે જણાવા લાયક હોવાથી અત્યંત નિકટતા છે, કેમ કે જે સમયે વિકાર થાય છે તે સમયે જ્ઞાનદશા થાય છે. તેથી જણાવા લાયક વિકાર અને જાણનાર આત્મા જુદા હોવા છતાં અત્યંત નિકટતાને લીધે જાણે એક જેવા થઈ રહ્યા હોય એમ લાગે છે. વિકારની વૃત્તિઓ છે તે આત્મામાં જણાવા લાયક છે અને આત્મા જાણનારો છે તેથી તેની અતિ નિકટતાને લીધે તેઓ એક જેવા થઈ રહ્યા છે. વળી ભેદવિજ્ઞાનના અભાવમાં એક જેવો વ્યવહાર થઈ રહ્યો છે તો તેનો ભેદ કઈ રીતે થઈ શકે?

જે કાંઈ શુભ ને અશુભ ભાવ થાય છે તેઓ ચેત્ય છે, ચેત્ય એટલે કે જણાવા લાયક છે અને આ આત્મા ચેતક છે–જાણનારો છે. પુણ્ય–પાપ ભાવ છે તે જણાવા લાયક છે અને આત્મા વસ્તુ છે તે ચેતક–જાણનાર છે. એ રીતે ચેત્ય–ચેતકભાવ બે ભિન્ન ચીજ છે. જે ક્ષણે જ્ઞાનની ક્રિયા થાય છે તે જ સમયે રાગની ક્રિયા થાય છે–એમ બે એકી સાથે થતી હોવાથી અત્યંત નિકટતાને કારણે એક જેવા થઈ રહ્યા છે. બે એક થયા નથી પણ માન્યતામાં એક જેવા થઈ રહ્યા છે.

પુણ્ય–પાપનો રાગ તો વ્યવહાર છે ભિન્ન છે પણ હું આનંદમૂર્તિ આત્મા છું એવો વિકલ્પ પણ આત્માથી ભિન્ન છે છતાં અત્યંત નિકટતાને કારણે જાણે બે એક જેવા થઈ રહ્યા હોય તેમ અજ્ઞાનીને ભેદવિજ્ઞાનના અભાવને કારણે બે એક જ ભાસે છે. આત્મા જાણન સ્વભાવ છે અને રાગ છે તે જ્ઞાનમાં જણાવા લાયક છે છતાં બન્ને એક સમયે હોવાથી અત્યંત નિકટતાને લીધે અજ્ઞાનીને ભેદવિજ્ઞાનના અભાવને કારણે જાણે બે એક જ હોય તેમ લાગે છે, એક જ આત્મા હોય તેમ વ્યવહારમાં ગણવામાં આવે છે. તો તેઓને પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે ભિન્ન કરી શકાય?–શિષ્યના એવા પ્રશ્નનું આચાર્યદેવ સમાધાન કરાવે છે :

ભગવાન આનંદકંદ છે અને શુભાશુભ ભાવ છે તે રાગ છે, તે બન્ને વચ્ચે સંધિ છે. જેમ લાખો મણ પથ્થર વચ્ચે સૂક્ષ્મસંધિ–સૂક્ષ્મરગ હોય છે ને તેમાં દારૂ નાંખી ફોડતાં લાખો મણ પથ્થર ભિન્ન પડી જાય છે. તેમ ભગવાન આત્મા અને રાગ વચ્ચે પરસ્પર સંધિ છે, બે એક થયા જ નથી. ભગવાન આત્મા ત્રિકાળી અને રાગ કૃત્રિમ ક્ષણિક ચીજ છે, તે બે વચ્ચે નિઃસંધિ થઈ જ નથી, જ્ઞાનાનંદ પ્રભુ આત્મા અને પુણ્ય–પાપના વિકલ્પ કદી એકરૂપ થયા જ નથી.

ભગવાન આત્મા અને રાગ–તે બંનેના નિયત લક્ષણ એટલે કે આત્માનું લક્ષણ જ્ઞાન ને આનંદ છે તથા રાગનું લક્ષણ બંધ છે. અનાકુળ લક્ષણ આત્મા અને આકુળતા લક્ષણ રાગ વચ્ચે સૂક્ષ્મસંધિ છે, તેમાં પ્રજ્ઞારૂપી છીણી સાવધાની પૂર્વક મારવાથી બંને ભિન્ન થઈ જાય છે. જ્ઞાનની દશાને સૂક્ષ્મ કરીને સ્વભાવ અને રાગની સંધિ વચ્ચે મારવાથી જુદા કરી શકાય છે, તે સિવાય બીજો કોઈ ઉપાય નથી. અનંતકાળમાં આ એક જ કર્યું નથી કે સ્વભાવ અને રાગની સંધિ વચ્ચે પ્રજ્ઞાછીણી કદી મારી નથી.

રાગ છે તે દુઃખ છે, આકુળતા છે અને ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે, તે બે કદી એક થયા જ નથી પણ તેમની વચ્ચે સૂક્ષ્મ સંધિ છે, તેથી તેમને છેદી શકાય છે, ભિન્ન પાડી શકાય છે. બન્નેના ભિન્ન ભિન્ન લક્ષણ દ્વારા, બન્નેને ભિન્ન ભિન્ન લક્ષણે ઓળખીને જ્ઞાનની પર્યાયને અંતર્મુખ કરતાં બેનું ભેદજ્ઞાન થાય છે–એમ અમે જાણીયે છીએ તેમ આચાર્યદેવ કહે છે એમ અમે જાણીયે છીએ તેમ કહેવાનો હેતુ એ છે કે અમે એમ કર્યું છે.

હવે બેના સ્વલક્ષણ બતાવે છેઃ–

આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, જાણવું...જાણવું એ આત્માનું સ્વલક્ષણ છે, કેમ કે જ્ઞાનથી આત્મા લક્ષમાં આવે છે પણ રાગથી આત્મા લક્ષમાં આવતો નથી. આત્માનું જ્ઞાનલક્ષણ છે તે અસાધારણ લક્ષણ છે, કેમ કે તે સિવાય બીજા દ્રવ્યોમાં જાણવું છે નહીં. ચૈતન્યસ્વભાવ તે આત્માનો અસાધારણ ગુણ છે તે બીજા દ્રવ્યોમાં નથી.

ચૈતન્ય સહવર્તી ગુણ સાથે રહેતો થકો જે જે ગુણમાં પ્રવર્તે છે અને નિવર્તતું થકું જે જે નવી પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે આત્મા છે, એટલે કે અનંત ગુણની સાથે રહેતો થકો અને નવી પર્યાયને ગ્રહણ કરીને જૂની પર્યાયને છોડતો થકો તે આત્મા છે. આત્મા વસ્તુ જ્ઞાન, આનંદ આદિ સહવર્તી ગુણોમાં પ્રવર્તે છે અને નવી નવી પર્યાય ગ્રહણ કરતો જૂની પર્યાયને નિવર્તે છે તે ક્રમવર્તી પર્યાયો છે અને સહવર્તી ને ક્રમવર્તી પર્યાયો તે આત્મા છે.–એમ લક્ષણથી આત્માને લક્ષિત કરવો જોઈએ, ઓળખવો જોઈએ.

જ્ઞાન, આનંદ આદિ ગુણ અને જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, આનંદની પર્યાય આદિ જૂની પર્યાયને છોડતો ને નવી પર્યાયને ગ્રહણ કરતો તે આત્મા છે. વિકારી પર્યાયની વાત નથી પણ જ્ઞાન, આનંદ આદિની જૂની પર્યાયને છોડતો ને નવી પર્યાયને ગ્રહણ કરતો

તે આત્મા છે એમ લક્ષણ વડે આત્માને જાણવો, ટકી રહે છે તે પણ આત્મા ને બદલે તે પણ આત્મા છે. જ્ઞાન, આનંદ આદિ સહવર્તી ગુણોથી ટકી રહે છે અને જ્ઞાન આનંદ આદિની જૂની પર્યાયને છોડતો ને નવી પર્યાયને ગ્રહણ કરતો બદલે છે તે આત્મા છે એમ લક્ષણ વડે આત્માને ઓળખવો.

આત્મા જાણન લક્ષણ વડે જાણવામાં આવે છે, ભગવાન આત્મા કાયમી ધ્રુવ વસ્તુ સહવર્તી ગુણોમાં પ્રવર્તે છે અને જૂની પર્યાયને નિવર્તતો નવી પર્યાયને ગ્રહણ કરે છે–એ રીતે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ લક્ષણ વડે આત્માને જાણવો. એટલે કે જે જે શક્તિરૂપ ગુણ અને પર્યાયમાં જે રહે છે તે આત્મા છે પણ રાગાદિમાં આત્મા નથી–એમ ચૈતન્યલક્ષણ વડે આત્માને જાણીને બહિર્મુખની દ્રષ્ટિ છોડીને અંતર્મુખ લક્ષ કરીને આત્માને જાણવો તેનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, એ અપૂર્વ ચીજ છે, કેમ કે પૂર્વે એક સેકન્ડમાત્ર પણ તે કર્યું નથી.

એ રીતે જાણન પર્યાય અને જાણન ગુણ એવા લક્ષણ વડે આત્માને જાણી શકાય એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. જ્યાં જ્યાં જાણન પર્યાય છે ત્યાં ત્યાં અનંતી પર્યાય છે અને જ્યાં જ્યાં જાણન ગુણ છે ત્યાં ત્યાં અનંત ગુણ છે અને તે આત્મા છે એમ નિશ્ચય કરવો જોઈએ.

હવે બંધનું લક્ષણ કરે છે :

શુભ ને અશુભ રાગ બંધનું લક્ષણ છે, આત્માનું લક્ષણ નથી. પુણ્ય–પાપના ભાવ આત્માની સાથે સદા ભાસતા નથી. જેમ જ્ઞાન આનંદ આદિની પર્યાય આત્મા સાથે રહે છે તેમ પુણ્ય–પાપના ભાવ આત્મા સાથે સદા ભાસતા નથી એટલે કે જ્યાં જ્યાં રાગ ત્યાં ત્યાં આત્મા એમ પ્રતિભાસતું નથી. પુણ્ય–પાપના ભાવ કે જે બંધનું લક્ષણ છે તે ચૈતન્યચમત્કારમાં ભિન્નપણે જાણવામાં આવે છે પણ ચૈતન્યચમત્કારરૂપ તેઓ જાણવામાં આવતા નથી. વળી રાગ વિના પણ ચૈતન્ય હોય છે, સિદ્ધ ભગવાનને રાગાદિ નથી. જો રાગાદિ આત્માના હોય તો જ્યાં જ્યાં આત્મા હોય ત્યાં ત્યાં રાગાદિ હોય, પણ તેમ પ્રતિભાસતું નથી, માટે રાગાદિ આત્માના નથી પણ તેઓ બંધનું લક્ષણ છે.

ચૈતન્ય જાણનરૂપી આંખ રાગને જાણે છે પણ ચૈતન્ય ને રાગ એકરૂપ નથી થઈ જતાં. પરંતુ જ્ઞાન અને રાગનું એકસાથ ઊપજવું થતું હોવાથી અતિ નિકટતાને કારણે અજ્ઞાનીને એક જેવા લાગે છે પણ તે એક પદાર્થ નથી. અરીસામાં મોર દેખાય છે તે અરીસાની સ્વચ્છ અવસ્થા છે પણ મોર ને અરીસો એક નથી. તેમ જ્ઞાનની સ્વચ્છતામાં રાગ જણાય છે પણ જ્ઞાન ને રાગ એક નથી. ભગવાન આત્મા જાણનાર છે અને તે

રાગાદિને જાણે છે પરંતુ રાગાદિ આત્મામાં આવી જતા નથી.

જ્ઞાનનું ને રાગાદિનું એક સાથે ઊપજવું થાય છે તે ચેત્યચેતક ભાવની એટલે કે જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાને લીધે જ થાય છે, પરંતુ તેઓ એકદ્રવ્યપણે છે માટે થાય છે એમ નથી. દીપક દ્વારા પ્રકાશવામાં આવતાં ઘટ–પટાદિ દીપકને જ પ્રકાશે છે એટલે કે ઘટ–પટાદિ દીવાના પ્રકાશને જ જાહેર કરે છે. દીવો પોતાની પર્યાયને પ્રકાશે છે અને ઘટ–પટાદિને પ્રકાશે છે પણ ઘટ–પટાદિરૂપ થતો નથી એટલે કે દીવો પોતાના દ્વિરૂપતાના પ્રકાશને પ્રગટ કરે છે, તે પોતાની સ્વ અને પરને પ્રકાશવાની શક્તિને પ્રકાશે છે પણ ઘટ–પટાદિરૂપે થતો નથી કે ઘટ–પટાદિ તેમાં આવતા નથી. તેમ આત્મા વડે જાણવામાં આવતાં રાગાદિ ભાવો ચેતકપણાને જ પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતા નથી. જ્ઞાનમાં જણાતા રાગાદિ ભાવો જ્ઞાનની સ્વ–પર પ્રકાશકરૂપ દ્વિરૂપતાને જાહેર કરે છે પણ રાગાદિ આત્મામાં આવતા નથી કે આત્મા રાગાદિરૂપે થતો નથી.

ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તે પોતાને જાણે છે ને રાગાદિને સ્પર્શ્યા વિના રાગાદિના જ્ઞાનને પ્રકાશે છે–એમ પોતાની સ્વ–પર પ્રકાશકરૂપ દ્વિરૂપતાને પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતા નથી. તોપણ આત્મા અને રાગની એકસાથે ઊપજવારૂપ અત્યંત નિકટતાને લીધે અનાદિથી અજ્ઞાનીને તેઓ વચ્ચે ભેદ નહીં દેખાવાથી આત્મા અને રાગમાં એકપણાનો ભ્રમ થઈ રહ્યો છે અને તે ભ્રમ આત્મા અને બંધના નિયત સ્વલક્ષણો જાણીને પ્રજ્ઞા વડે જરૂર છેદી શકાય છે.

[ પરમ વિશુદ્ધિની પ્રાપ્તિ...પાનું ૪ થી ચાલુ ]

અમારી શુદ્ધતા પ્રગટી છે તે આત્મા છે માટે પ્રગટી છે તેમ નથી પણ શુદ્ધતા પ્રગટી છે તે પર્યાયના ષટકારકોથી પ્રગટી છે ને આત્મા તેમાં નિમિત્ત છે; તેમ અશુદ્ધતા છે તે કર્મના ઉદયથી થઈ નથી પણ પોતાના ષટકારકોના ઉપાદાનથી અશુદ્ધતા છે ને તેમાં મોહકર્મનો ઉદય નિમિત્તમાત્ર છે.

જીવમાં કોઈ ગુણ નથી કે વિકારી અવસ્થા થાય, છતાં અવસ્થામાં ક્ષણિક ઉપાદાનથી વિકારી અવસ્થા થાય છે. તેનો કર્તા કર્મો નથી, તેથી એમ કહ્યું કે મલિન અવસ્થામાં વ્યાપ્ય–વ્યાપકરૂપે હું પરિણમ્યો છું. એમ કહીને સ્વતંત્રતા સિદ્ધ કરે છે કે કર્મ મને વિકાર કરાવે છે તેથી હું વિકાર કરું છું એમ નથી. વિકારની પરિણતિ મારા કારણે મારાથી થઈ છે તેમાં કર્મોની માત્ર હાજરી છે. જેમ ધતૂરો પીને કોઈ ભમે છે તેમાં ધતૂરો નિમિત્તમાત્ર છે, ભમવાની યોગ્યતા પોતાની છે, તેમ કર્મો વિકારમાં નિમિત્તમાત્ર છે ને વિકાર થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે પણ કર્મો આત્માને વિકાર કરાવે એમ ત્રણકાળમાં બનતું નથી.

ભગવાન કહે છે કે:

# હે જીવ ! તું પરમાત્મસ્વરૂપ જ છો

[ તા. ૧૨-૫-૭૭ ]

**[ પરમાત્મપ્રકાશ દ્વિ. અધિકાર, ગાથા ૧૯૭, પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]**

પ્રત્યેક આત્મા પરમાત્મસ્વરૂપ જ છે એમ અહીં દ્રવ્યબુદ્ધિ કરાવીને પર્યાયબુદ્ધિ છોડાવે છે. દરેક આત્મા એટલે કે અનંત કાળે પણ સિદ્ધ નહીં થનાર અભવ્ય અને ભવ્ય બધા આત્મા પરમાત્મસ્વરૂપ જ છે. વસ્તુસ્વભાવ જ એવો છે, કેવળજ્ઞાન જ નિજ સ્વભાવ છે. એમ કહીને કહે છે કે આખી દુનિયાને એક બાજુ રાખીને, રાગને પણ એક બાજુ રાખીને તથા જેની અસ્તિ છે એવી એક સમયની પ્રગટ અવસ્થાની પણ રુચિ છોડી દે, એ બધું છે પણ એને ઓળંગી જઈને ત્રિકાળી જ્ઞાનસ્વભાવની રુચિ કર.

ભગવાન ! તું પરમાત્મસ્વરૂપ જ છે એમ કેવળી કહે છે. એ કેવળી પ્રગટરૂપે પરમાત્મા કેમ થાય ?–કે પરમાત્મસ્વરૂપ પોતે છે એમ સમ્યગ્દૃષ્ટિ કરી તેમાં ઠરીને પ્રગટપણે પરમાત્મા થાય છે. પરમાત્મસ્વરૂપ પોતે છે એમ સમ્યગ્દૃષ્ટિ કરીને સ્વરૂપમાં ઠરતાં વિકાર આદિ અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી અને કેવળજ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે, માટે તું પણ પરમાત્મસ્વરૂપ છો તેમ દૃષ્ટિમાં લે.

અપૂર્ણતા ને અલ્પજ્ઞતાની માન્યતા હતી તેને હવે પૂર્ણ છું, શુદ્ધ છું એમ નિર્વિકલ્પપણે સ્વીકાર. જ્ઞાન–દર્શન આદિ અનંત શક્તિઓનો સમૂહ છે. ક્ષેત્ર ભલે થોડું હોય પણ સંખ્યાએ અને સ્વભાવે અપરિમિત ને અનંત છે. અનંત બેહદ જ્ઞાન ને પરમ આનંદ સ્વભાવી તું છો માટે બહારના ભભકાને તું ભૂલી જા, વ્રત–તપ આદિના વિકલ્પને તું ભૂલી જા અને અલ્પજ્ઞતાને પણ તું ભૂલી જા. અરે ! ચાર જ્ઞાન પ્રગટ થયા હોય તોપણ તેને ભૂલી જા ને દૃષ્ટિ ત્રિકાળી ઉપર રાખ.

ભાઈ ! શરીરના સંસર્ગ અને પરથી ઉત્પન્ન થતો વિકલ્પ એને તું ભૂલી જા, અનંત જ્ઞાન આદિ અનંત શક્તિઓ રાગને અડતી નથી પણ એક સમયની પર્યાયને પણ અડતી નથી એવો અનંત જ્ઞાનમય અને પરમ આનંદ સ્વભાવી તું છો, તેનો દૃષ્ટિમાં સ્વીકાર કર. પાંચ–ઇન્દ્રિય તરફનો પ્રેમ છે તે આનંદને ગાળી નાખે છે ને શાંતિને દઝાડે છે.

જેને પરમ કેવળજ્ઞાન પ્રગટયું છે અને જેમની પાસે પરમ ઉત્કૃષ્ટ અનંત જ્ઞાનાદિ

ગુણલક્ષ્મી છે તેઓ અરિહંત પરમેશ્વર છે. પરમાત્મા એટલે પરમ–ઉત્કૃષ્ટ આત્મા કે જેની દશામાં આનંદ આદિ ઉત્કૃષ્ટ લક્ષ્મી છે તેને સર્વજ્ઞ પરમાત્મા કહે છે. તેમને જેટલા વિશેષણો લાગે છે એટલા વિશેષણો તારા આત્મસ્વભાવને લાગે છે.

વીતરાગી સર્વજ્ઞ પરમાત્મા જેવા વ્યક્તિરૂપે થયા એવા દરેક આત્મા શક્તિ અપેક્ષાએ પરમાત્મસ્વભાવે જ છે પરંતુ ઉપર ટપકે જોનાર પર્યાયને જુએ છે. જેમ પાણીના દળની ઉપર રહેલા તેલના ટીપાને–તેલની સપાટીને જોનાર તેલને જુએ છે કે જેનો ખરેખર તો પાણીના દળમાં પ્રવેશ જ નથી, તેમ પર્યાયદ્રષ્ટિથી જોનાર આત્માને વિકારી ભાવરૂપે કે અલ્પજ્ઞતારૂપે જુએ છે કે જેઓ ખરેખર તો આત્મસ્વભાવમાં છે જ નહીં.

વીતરાગીદેવ ફરમાવે છે કે તું પરમાત્મસ્વરૂપ જ છો એમ દ્રષ્ટિ કર. પ્રભુ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો–તફાવત છે જ નહીં. વ્યક્તરૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવડો જ તું છે, પ્રભુ! મારા ને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી પણ તારા સામર્થ્યની તને ખબર નથી ભાઈ!

પૂર્ણ સ્વભાવ, આત્મસ્વભાવ કેવો છે?–કે જેવો સર્વજ્ઞને વ્યક્ત થયો છે તેવો જ છે, એવા સત્ સ્વભાવને દ્રષ્ટિમાં લ્યે ત્યારે ધર્મની શરૂઆત થાય છે. સંસાર અવસ્થામાં પણ શક્તિરૂપે પરમાત્મા બિરાજમાન છે. તારે જે પરમ સત્ની દ્રષ્ટિ કરવી છે તે તારા અંતરમાં બિરાજમાન છે. ભાઈ! તારે સમ્યક્ દેખવું હોય તો ભગવાન સ્વરૂપ તું છો તેનો સ્વીકાર કર. મિથ્યાત્વ રાગ દ્વેષના કાળે પણ જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે તે રીતે જોઈએ તો શક્તિરૂપે પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. જેમ લીંડીપીપરની વર્તમાન દશામાં તીખાશ થોડી છે ને રંગે કાળી છે છતાં શક્તિ અપેક્ષાએ તો પૂર્ણ તીખાશ ને લીલાશ ભરી પડી છે તેમ ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે પણ તેને અછતો કરીને એક સમયની રાગાદિ પર્યાયને છતી માની રહ્યો છે. બહારમાં અજ્ઞાનાદિ છે પણ અંદરમાં શક્તિરૂપે તો પરમાત્મપણે બિરાજી રહ્યો છે. આ તો દશા પલટવાની વાત છે, જે દશા દયા–દાન આદિમાં પડી છે તે દશાને અંતરમાં પલટવાની વાત છે. હું પંડિત છું. હું મનુષ્ય છું ઇત્યાદિ માન્યતાએ એને રોકી રાખ્યો છે, તે માન્યતા તેને અંદર જવા દેતી નથી. અરેરે! એને–અજ્ઞાનીને પુણ્યના ફળની કિંમત છે પણ પોતાના પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપની કિંમત નથી.

જે જ્ઞાનનું પ્રયોજન ત્રિકાળી વસ્તુને જોવાની છે તે નયથી જોઈએ તો જેવા ભગવાન છે તેવા સર્વ જીવો છે. પરમાત્મશક્તિએ ભર્યા પડયા છે પણ બાપુ! તને તેની ખબર નથી. જેવા કેવળી છે એવા સર્વ જીવો છે. પર્યાયમાં–હાલતમાં ફેર છે, વસ્તુ તો વસ્તુ છે, તે જિન સમાન છે.

નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે, જિનવર ને જીવમાં ફેર નથી, ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય, એ બધું તો પર્યાયમાં છે વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબુલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે.

[ સાક્ષાત્ અમૃતકુંભ................. ટાઈટલ ૨ થી ચાલુ ]

અપ્રતિક્રમણાદિ પાપને ઘટાડવા પ્રતિક્રમણ આદિ શુભભાવ આવે છે પણ તે અશુભને ક્રમે ઘટાડવા સમર્થ છે, અશુભને ટાળવા સમર્થ નથી તેથી વ્યવહારથી તેને-જ્ઞાનીના પ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહેવાય છે.

વ્યવહાર-પ્રતિક્રમણ અને અપ્રતિક્રમણ એ બંનેથી ભિન્ન આત્માના આશ્રય વડે અનુભવ થયો છે તેને વ્યવહાર પ્રતિક્રમણ અશુભને ઘટાડવા સમર્થ છે પરંતુ જેને શુદ્ધતાનું ભાન નથી તેવા મિથ્યાદૃષ્ટિને જે વ્યવહાર-પ્રતિક્રમણ છે તે અપરાધ છે, કેમ કે તેને તે વ્યવહાર-પ્રતિક્રમણ અશુભને ઘટાડવા સમર્થ નથી. જેને સમ્યગ્દર્શન નથી ને વ્યવહાર-પ્રતિક્રમણ કરે છે એવા જીવને વ્યવહાર-પ્રતિક્રમણ દોષને ઘટાડવા પણ સમર્થ નથી. પરમ આનંદ સ્વરૂપ ને પ્રતિક્રમણ અપ્રતિક્રમણના ભાવથી ભિન્ન ભગવાનની જેને દૃષ્ટિ થઈ નથી તે જીવ વ્યવહાર-પ્રતિક્રમણાદિ કરે છે તેને તો તે દોષ ઘટાડવા પણ સમર્થ નથી, પરંતુ તેને તો વ્યવહાર-પ્રતિક્રમણ બંધ કરવામાં સમર્થ છે. જ્ઞાનીને વ્યવહાર-પ્રતિક્રમણ અશુભને ઘટાડવા સમર્થ છે પરંતુ અજ્ઞાનીને તો વ્યવહાર-પ્રતિક્રમણ દોષને ઘટાડવા પણ સમર્થ નથી પરંતુ બંધ કરવામાં સમર્થ છે.

વ્યવહાર-પ્રતિક્રમણ ને અપ્રતિક્રમણથી ભિન્ન જે ત્રીજી ભૂમિ છે એવા જીવને જે વ્યવહાર-પ્રતિક્રમણાદિ છે તે અશુભરાગને અંશે ઘટાડવા સમર્થ છે પણ જેને ત્રીજી ભૂમિ જ નથી એટલે કે જેને સમ્યગ્દર્શન જ નથી એવા મિથ્યાદૃષ્ટિ જીવને તો વ્યવહાર-પ્રતિક્રમણ દોષ ઘટાડવામાં સમર્થ નથી પરંતુ દોષ વધારવામાં સમર્થ છે, નવા કર્મ બંધાવામાં તે સમર્થ છે.

જે અંતર્મુખ થયો નથી ને બર્હિલક્ષી વ્યવહાર-પ્રતિક્રમણ આદિ શુભભાવ કરે છે તે દોષને ઘટાડવામાં તો સમર્થ નથી પણ દોષને વધારવામાં જ સમર્થ છે, દોષ ઘટાડવા

તો સમર્થ નથી પણ મિથ્યાત્વ સહિત બંધનું કાર્ય કરવામાં સમર્થ છે. તેથી જિનવરે કહેલો વ્યવહાર મિથ્યાદ્રષ્ટિ પાળે છતાં તે દોષને ઘટાડવા તો સમર્થ નથી પણ દોષનું કાર્ય કરવા સમર્થ છે.

પ્રતિક્રમણ–અપ્રતિક્રમણથી ભિન્ન જે ત્રીજી ભૂમિ–શુદ્ધોપયોગ છે તે સમસ્ત અપરાધને સર્વથા ટાળવા સમર્થ હોવાથી ત્રીજી ભૂમિ સાક્ષાત્ અમૃતકુંભ છે. એવા જીવના વ્યવહાર–પ્રતિક્રમણને વ્યવહારથી અમૃતકુંભ કહ્યો છે, પરંતુ આ જે પ્રતિક્રમણ–અપ્રતિક્રમણથી વિલક્ષણ એવી જે ત્રીજી ભૂમિ છે તે સાક્ષાત્ અમૃતકુંભ છે.

આત્મા આનંદ સ્વરૂપ છે તેની સન્મુખ થઈને જે શુદ્ધોપયોગ થયો તે સાક્ષાત્ અમૃતકુંભ છે અને તે જીવ અંતરમાં સ્થિર ન રહી શકે ને વ્યવહાર–પ્રતિક્રમણ આદિનો શુભોપયોગ આવે છે તેને વ્યવહારે અમૃતકુંભ કહ્યો છે અને જેને આત્માની સન્મુખતા પૂર્વકનો શુદ્ધોપયોગ થયો નથી–ત્રીજી ભૂમિમાં જે આવ્યો નથી તે જીવ વ્યવહાર–પ્રતિક્રમણ આદિ કરે છતાં તે દોષને ઘટાડવા સમર્થ નથી પરંતુ દોષનું કાર્ય કરવા સમર્થ છે તેથી અજ્ઞાનીના વ્યવહાર–પ્રતિક્રમણ આદિ શુભોપયોગ વિષકુંભ છે.

જેને આત્માનો અનુભવ નથી તેનો શુભભાવ માત્ર ઝેરનો ઘડો છે પણ આત્માના આનંદનો અનુભવ છે તે જીવના શુદ્ધોપયોગને સાક્ષાત્ અમૃતકુંભ કહેવામાં આવ્યો છે અને તે જીવનો શુભોપયોગ દોષને–અશુભને ઘટાડવામાં (–અભાવ કરવામાં નહીં–) સમર્થ હોવાથી શુદ્ધોપયોગવાળાના શુભોપયોગને વ્યવહારથી અમૃતકુંભ કહેવાય છે.

નિશ્ચય–અમૃતકુંભનો અનુભવ થયો છે તેના વ્યવહાર–પ્રતિક્રમણાદિને વ્યવહારથી અમૃતકુંભ કહેવાય છે. પણ અજ્ઞાનીનો શુભરાગ તો એકલો ઝેર છે, અજ્ઞાની ગમે તેટલા મહાવ્રત આદિ પાળે પણ તે ઝેર છે, ચારગતિમાં રખડવાનું કારણ છે. મિથ્યાત્વનું મહાપાપ પડયુ છે ને મહાવ્રત આદિ પાળે પણ તે ઝેરનો ઘડો છે. સમ્યગ્દર્શન વિના વ્યવહાર–પ્રતિક્રમણ આદિ સર્વ અપરાધ જ છે, તેથી શુભાશુભથી રહિત ત્રીજી ભૂમિકા તે જ વાસ્તવિક અમૃતકુંભ છે.

હવે કહે છે કે વ્યવહાર–પ્રતિક્રમણ આદિનો વિકલ્પ આવે છે પણ તે ભાવ સાથે લક્ષમાં તો ચિદાનંદ પ્રભુની પ્રાપ્તિ હોવી જોઈએ. વ્યવહાર–પ્રતિક્રમણાદિ છોડાવીને અશુભમાં લઈ જવાનું નિશ્ચયનયનું પ્રયોજન નથી, પણ વ્યવહાર–પ્રતિક્રમણથી છોડાવીને પ્રતિક્રમણ–અપ્રતિક્રમણ આદિથી રહિત શુદ્ધ આત્માનો અનુભવ કરાવવાનું પ્રયોજન છે દ્રવ્ય–પ્રતિક્રમણ છોડાવીને અંદર લઈ જવાનું પ્રયોજન છે પણ એમ ન માનવું કે દ્રવ્ય–પ્રતિક્રમણ છોડાવીને અશુભમાં લઈ જવાનું નિશ્ચયનયનું પ્રયોજન છે. પ્રતિક્રમણ આદિ શુભભાવ અને અપ્રતિક્રમણ આદિ અશુભભાવથી અગોચર એવી ચૈતન્યવસ્તુને ગોચર કરાવવાનું પ્રયોજન છે. શુભભાવથી વ્યવહાર–ક્રિયાકાંડથી તારો આત્મા ગમ્ય નહીં થાય તેથી ત્યાંથી છોડાવીને અનંતકાળમાં જે કર્યું નથી એવો અતિ દુષ્કર આત્મ–અનુભવ કરાવવાનું પ્રયોજન છે તેમ જાણવું.

# જિનવચન : શુદ્ધ જીવવસ્તુ ઉપાદેય

આસન્નભવ્ય જીવ અલ્પકાળમાં શુદ્ધાત્માને પામે છે, કેવી રીતે ?–કે જિનવચનમાં સાવધાનીપણે રુચિ કરીને. એટલે શું ? જિનવચન તો પુદ્‌ગલ છે, પરંતુ જિનવચનનું પ્રયોજન વીતરાગતા છે ને વીતરાગતા શુદ્ધ આત્માના લક્ષે જ થતી હોવાથી એક શુદ્ધ જીવવસ્તુને જ જિનવચનમાં ઉપાદેય કહી છે. તેથી શુદ્ધ જીવવસ્તુની સાવધાનીપણે પ્રતીતિ કરીને આસન્નભવ્ય જીવ અલ્પકાળમાં શુદ્ધાત્માને પામે છે.

જિનવચનમાં આત્મા કેમ ઉપાદેય કહ્યો ?–કે નિશ્ચય છે તે સ્વનો આશ્રય લ્યે છે ને વ્યવહાર છે તે પરનો આશ્રય લ્યે છે અને પરનો આશ્રય છે તે હેય છે અને સ્વનો આશ્રય તે ઉપાદેય છે માટે જિનવચનમાં શુદ્ધાત્માને ઉપાદેય કહ્યો છે, તેથી જે જીવ જિનવચનમાં રમે છે– અર્થાત જિનવચનમાં ઉપાદેય કહેલ શુદ્ધાત્માની રુચિ–શ્રદ્ધા–પ્રતીતિ કરે છે તે જીવ અલ્પકાળમાં મુક્તિ લહે છે.

[ તા. ૪–૬–૭૭, શ્રી સમયસાર–કલશ ટીકા, પૂજ્ય ગુરુદેવના પ્રવચનોમાંથી ]

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहा:।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव ।। ४ ।।

મોક્ષ થવાની જેને નિકટતા છે, સંસાર પાર ઊતરવાના કિનારા નિકટ આવી ગયા છે, અલ્પકાળમાં મોક્ષ થવાને લાયક છે એવો આસન્નભવ્ય જીવ શુદ્ધ જીવને પ્રત્યક્ષપણે

પામે છે. આસન્નભવ્ય જીવ, પુણ્ય પાપ રહિત જે શુદ્ધ પવિત્ર જીવ વસ્તુ તેને થોડા જ કાળમાં પર્યાયમાં પામે છે.

તે શુદ્ધ જીવ કેવો છે?–કે દેહ ને રાગથી ભિન્ન ભગવાન ચૈતન્યના પ્રકાશનું પૂર છે, ચૈતન્યજ્યોતિનું પૂર છે, અનાદિસિદ્ધ છે તથા કોઈ નયથી–કુનયથી ખંડિત થાય તેવો આત્મા નથી. એટલે કે અનેક અન્યમતવાદીઓ આત્માની અનેક પ્રકારે કલ્પના કરે છે તે બધા જૂઠા છે, આત્મતત્ત્વ તો જેવું છે તેવું જ છે, અનંત આનંદ, અનંત સુખથી ભરેલો સુખસાગર આત્મા છે.

આસન્નભવ્ય જીવ અલ્પકાળમાં શુદ્ધ જીવને કઈ રીતે પામે છે?–કે जिनवचसि रमन्ते– તીર્થંકરની દિવ્યધ્વનિ દ્વારા ઉપાદેયરૂપ જે શુદ્ધ જીવવસ્તુ તેમાં સાવધાનીપૂર્વક રુચિ–પ્રતીતિ કરવાથી પામે છે. વીતરાગે ચાર અનુયોગમાં કહ્યું છે શું?–કે ત્રિકાળી ધ્રુવ આત્મા તે એક જ આદરણીય ને ઉપાદેય છે તેમ કહ્યું છે. પવિત્ર આનંદનો નાથ ભગવાન પોતે જ આદરણીય છે, તે જ ઉપાદેય છે ને તેમાં જ લીન થવા જેવું છે તેમ ચાર અનુયોગમાં કહ્યું છે.

પ્રશ્નઃ–આત્મા નિમિત્ત છે ને વળી આદરણીય ને ઉપાદેય કરી રીતે?

સમાધાનઃ–આત્મા નિમિત્ત જ છે કેમ કે પર્યાયની સ્વતંત્રતા છે, પરંતુ પર્યાયનું જોર–લક્ષ –દ્રષ્ટિ દ્રવ્ય સન્મુખ છે માટે એમ કહ્યું કે આત્મા ઉપાદેય છે.

ભગવાનની વાણીમાં–જિનવચનમાં આત્મા જ ઉપાદેય કહ્યો છે એટલે શું?–કે જિનવચનમાં વીતરાગતાનું પ્રયોજન છે ને વીતરાગતા આત્માના લક્ષે જ પ્રગટે છે માટે આત્મા જ ઉપાદેય છે તેમ કહ્યું છે. જિનવચનમાં આત્મા ઉપાદેય કેમ કહ્યો?–કે નિશ્ચય છે તે સ્વનો આશ્રય લ્યે છે ને વ્યવહાર છે તે પરનો આશ્રય લ્યે છે અને પરનો આશ્રય છે તે હેય છે, તો ઉપાદેય કોણ?–કે સ્વનો આશ્રય તે ઉપાદેય. માટે જિનવચનમાં આત્મા ઉપાદેય કહ્યો છે. પર તરફના લક્ષવાળો વ્યવહાર ભાવ છે તે હેય છે અને બે નયમાં વિરોધ છે તેથી નિશ્ચય–શુદ્ધ આત્મા ઉપાદેય છે તેમ જિનવચનમાં કહ્યું છે.

નિશ્ચયનય ત્રિકાળીને આદરણીય માને છે અને વ્યવહારનય વર્તમાન અશુદ્ધતાને જણાવે છે, આદરવા યોગ્ય છે તેમ નહીં પણ જાણવા યોગ્ય છે. નિશ્ચય ને વ્યવહાર બે વિરુધ્ધ છે તેથી વ્યવહાર તે હેય છે અને ત્રિકાળી તે ઉપાદેય છે એમ જિનવચનમાં આવે છે. વ્યવહારનો નિષેધ કરીને ત્રિકાળી ભગવાન આત્મા ઉપાદેય છે તેમ કહેતાં વ્યવહાર અને નિશ્ચયનો વિરોધ છે તેમ પણ સિદ્ધ થઈ ગયું.

દિવ્યધ્વનિમાં આ આત્મા જ્ઞાન દર્શન સ્વરૂપ છે, જેના હોવાપણાથી જાણવું થાય છે એવો

જાણનાર ત્રિકાળી ધ્રુવ ભગવાન છે તેને ઉપાદેય કહ્યો છે, એ સિવાય વ્યવહાર હેય છે. એવી શુદ્ધ જીવવસ્તુમાં મોહ રહિત–સાવધાનીપણે રુચિ–પ્રતીતિ કરવી તેમ જિનવાણીમાં કહ્યું છે. જે જીવ શુદ્ધ ત્રિકાળી વસ્તુનો રાગના અવલંબન વિના સીધો પ્રત્યક્ષ અનુભવ કરે છે તેણે શુદ્ધ જીવવસ્તુને ઉપાદેય કર્યો છે. જ્ઞાનને જ્ઞાન દ્વારા વેદે તેને પ્રત્યક્ષ અનુભવ કહે છે. જિનવચનમાં આત્મા ઉપાદેય કહ્યો છે. વચન તો પુદ્ગલ છે, તેની રુચિથી આત્મા ઉપાદેય થતો નથી પણ ભગવાન આત્માની સન્મુખ પરિણમવું તેનું નામ આત્મા ઉપાદેય કર્યો કહેવાય.

કેવા છે જિનવચન ?–કે પરસ્પર બે નયોનો વિરોધ છે તેને મટાડનારા છે. સ્યાદ્વાદ અનેકાંત વસ્તુનું સ્વરૂપ છે ને એવું જિનવચન કહે છે. દ્રવ્યદ્રષ્ટિએ દ્રવ્ય ત્રિકાળી છે ને પર્યાયદ્રષ્ટિએ પર્યાય ક્ષણિક છે એમ પરસ્પર વિરોધ વચનને સ્યાત્–અપેક્ષા વડે વિરોધ મટાડનારા જિનવચનો છે.

શુદ્ધ જીવવસ્તુ નિર્વિકલ્પ છે તેથી તેના અનુભવ કાળે બંને નયો જૂઠા છે, એટલે ? દ્રવ્યે નિત્ય છે ને પર્યાયે અનિત્ય છે તે જૂઠું છે ?–કે ના, એવો વિકલ્પ જૂઠો છે, કેમ કે જે અનુભવ થાય છે તે નિર્વિકલ્પ હોવાથી નિત્ય–અનિત્ય આદિના વિકલ્પો જૂઠા છે.

આસન્નભવ્ય જીવ કેવો છે ?–કે તેણે સહજપણે મિથ્યાત્વપણું વમી નાંખ્યું છે. સંસારી જીવોને ચારગતિમાં રખડતાં અનંતકાળ જાય છે, તેમાં જે અભવ્ય જીવો છે તેઓ કોઈ કાળે મોક્ષ પામતાં નથી, તેઓ મોક્ષ જવાને અધિકારી નથી. ભવ્ય જીવોમાં કેટલાકને મોક્ષ જવાની લાયકાત છે. તે જીવોને મોક્ષે જવાનું કાળનું માપ છે, તે જીવ કેટલા કાળે મોક્ષે જશે તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. તે જીવને જ્યારે અર્ધપુદ્ગલ પરાવર્તન બાકી રહે છે ત્યારે તે સમ્યગ્દર્શનને યોગ્ય થાય છે, તેને કાળલબ્ધિ કહેવાય છે.

જો કે સમ્યગ્દર્શન તો જીવ પોતાથી જ પામે છે તોપણ કાળલબ્ધિ વિના સમ્યગ્દર્શન પામતા નથી, પણ આ કાળલબ્ધિ કોને બેસે ?–કે જેને જ્ઞાનસ્વભાવમાં કેવળજ્ઞાન બેસે તેને કાળલબ્ધિ બેસશે. આ જગતમાં સર્વજ્ઞ પરમેશ્વર છે એવી સત્તાનો જ્યાં સ્વીકાર કરવા જાય છે ત્યાં તેમાં અનંતો પુરુષાર્થ છે, તેથી તેને આત્માનો સ્વીકાર આવે છે જ. માટે જેણે જ્ઞાનમાં સર્વજ્ઞ ભગવાનને સ્વીકાર્યા છે તેના ભવ ભગવાને જોયા જ નથી. એક–બે ભવ હોય તે જાણવા લાયક છે.

કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય ?–કે જ્ઞાનસ્વરૂપમાં દ્રષ્ટિ જાય ત્યારે આ કાળે ધર્મ

[ અનુસંધાન પાનું ૨૧ ઉપર ]

## સુગમ-દૃષ્ટાંત, ગહન-સિદ્ધાંત

# અકારક અવેદક જ્ઞાનસ્વભાવ

અહો! આવી વાત સાંભળવા મળવી એ કોઈ અપૂર્વ પુણ્ય વિના બનતું નથી. મહાભાગ્યે આ વાત કાને પડે તેવી છે ને અંદરથી હકાર આવે તેની તો શું વાત! એવી અપૂર્વ વાત અહીં કહે છે કે ખાડો ખોદવો કે ખાડો પૂરવો એ આંખથી અશક્ય છે, આંખ તો માત્ર જાણે છે, તેમ ભગવાન આત્મા કેવળ જાણનારો જ છે, રાગનો પણ જાણનારો જ છે. પરંતુ રાગનું કરવાપણું કે ભોગવવાપણું આત્માથી અશક્ય છે. એવો જ કોઈ અદ્ભૂત આશ્ચર્યકારી તારો સ્વભાવ છે, તેનો તું એકવાર વિશ્વવાસ કર.

[ તા. ૨-૭-૭૭, શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

હવે પૂછે છે કે ધર્મી જીવ કે જેણે પોતાના જ્ઞાનસ્વરૂપને જાણ્યો છે, અનુભવ્યો છે તે દયા-દાન-વ્રત-ભક્તિ-યાત્રાના શુભરાગનો કર્તા-ભોક્તા કેમ નથી? જેણે ધર્મ કરેલો છે એવા આત્માને એટલે કે આંનદને અનુભવ્યો છે એવા જ્ઞાનીને રાગનું કરવાપણું કે ભોગવવાપણું કેમ હોતું નથી? આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું જ્ઞાન થયું તે જ્ઞાનદશાનો કર્તા-ભોક્તા છે એવો જ્ઞાની દયા-દાન આદિના જે ભાવ થાય તેનો કર્તા ને ભોક્તા કેમ નથી?-તેના ઉત્તરરૂપે દૃષ્ટાંતથી આચાર્યદેવ સમજાવે છેઃ-

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

જેવી રીતે આંખ દૃશ્ય પદાર્થને-અગ્નિને, તેલને, પૈસાને-દેખે છે છતાં દેખવા યોગ્ય પદાર્થથી આંખ અત્યંત ભિન્ન છે. આંખ તો દેખવા યોગ્ય પદાર્થથી તદ્દન ભિન્ન હોવાથી જે ચીજ દેખાય તેને કરે ને વેદે એ તદ્દન અશક્ય છે. દેખાતા પદાર્થને

આંખ દેખે પણ દેખાતા પદાર્થને કરે, રચે કે ભોગવે એવો આંખનો સ્વભાવ નથી.

દેખાવા યોગ્ય પદાર્થને આંખ દેખે પણ દેખાવા યોગ્ય પદાર્થને આંખ કરે કે ભોગવે નહીં. આંખ અગ્નિને દેખે પણ અગ્નિને કરે કે વેદે તે અશક્ય છે. અગ્નિને કરવા કે વેદવા માટે આંખ તદ્દન અસમર્થ છે. જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, અગ્નિને ચેતાવનાર સંધૂકણની (–અગ્નિ સળગાવનાર પદાર્થની–) માફક, આંખ અગ્નિને સળગાવે તેમ બનવું જોઈએ અને લોખંડના ગોળાને જેમ અગ્નિનું વેદન છે તેમ આંખને અગ્નિનું વેદન થવું જોઈએ. પરંતુ તેમ તો થતું નથી. માટે આંખ દૃશ્યપદાર્થને કરતું–ભોગવતું નથી પરંતુ આંખ તો દેખવાના સ્વભાવવાળી હોવાથી જે દેખાય તેને માત્ર દેખે છે.

હવે સિદ્ધાંત કહે છે કે આંખની જેમ જ્ઞાન એટલે કે આત્મા શરીરને, વાણીને કે શુભાશુભ ભાવને દેખે છે પણ પુણ્ય–પાપના જે ભાવ થાય તેને જ્ઞાન કરતું નથી કે વેદતું નથી. ગણધરો ને ઇન્દ્રોની સભામાં પ્રભુ આમ કહેતા હતા. ત્રિલોકનાથ પરમેશ્વરદેવની આ વાણી છે, મહાવિદેહની આવેલી આ વાણી છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ત્યાં ગયા હતા ને ત્યાંથી આવીને આ શાસ્ત્રની રચના કરી છે અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે તેની ટીકા કરી છે. ભગવાન કહે છે કે ભગવાન તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ! તું તો રાગને દેખનારો છો પણ કર્તા–ભોક્તા નથી. જો જ્ઞાન રાગને કરે તો તે આત્મા રહેતો નથી, તે મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે.

આત્મા જાણનસ્વરૂપનો પિંડ છે, જ્ઞાનસ્વરૂપનો પિંડ છે એ જ્ઞાન શરીરને તો ન કરે, વાણીને તો ન કરે, પણ અંદરમાં હિંસા–અહિંસા આદિના જે વિકારી ભાવ થાય તેને પણ જ્ઞાન કરે કે વેદે નહીં. જ્ઞાનસ્વરૂપ ભગવાન દયા–દાન આદિના પરિણામને કરે નહીં, કેમ કે વિકાર છે તે દુઃખરૂપ છે ને ભગવાન આનંદસ્વરૂપ છે, આનંદસ્વરૂપી ભગવાન દુઃખને કેમ રચે? બાપુ! તારો સ્વભાવ જાણવા–દેખવાનો છે તેથી તે રાગ થાય તેને જાણે–દેખે પણ કરે નહીં, કરે તે આત્મા નહીં.

વ્રતના પરિણામ છે તે રાગ છે, આસ્રવ છે અને અવ્રતના પરિણામ છે તે તીવ્ર રાગ છે, આસ્રવ છે તેને આત્મા કરે નહીં, તારું સ્વરૂપ તો જ્ઞાનનેત્ર છે. તું તો જગતનો જ્ઞાતા–દ્રષ્ટા છે. જગત જ્ઞેય અને તું તેનો જ્ઞાતા છે, પણ જ્ઞેયને કરે એવો તું નથી.

જેમ ખાડો ખોદવાનું કે પૂરવાનું આંખથી અશક્ય છે તેમ આત્મા જ્ઞાનનેત્રસ્વરૂપ છે. તેથી પરની ક્રિયાને કરે કે ભોગવે તેમ તો નથી પણ તારામાં થતાં દયા–દાન આદિના શુભાશુભ ભાવને કરે કે ભોગવે એવો તારો સ્વભાવ નથી. જ્ઞાનસ્વરૂપી ભગવાન રાગને કરે નહીં પણ જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનમાં રહીને જાણે. જગતની ક્રિયાને ચક્ષુ કરે કે ભોગવે નહીં તેમ પુણ્ય–પાપરૂપી જગતને જ્ઞાનચક્ષુ કરતો કે ભોગવતો નથી.

આંખની માફક જ્ઞાન પણ દેખનાર હોવાથી પુણ્ય–પાપથી અત્યંત ભિન્ન હોવાને લીધે પુણ્ય–પાપનો કર્તા કે ભોક્તા નથી. જેમ આંખ અગ્નિને જાણે–દેખે પણ કરવા–ભોગવવાનો આંખનો સ્વભાવ નથી તેમ પુણ્ય–પાપનું કરવું કે ભોગવવું એવો આત્માનો સ્વભાવ નથી, થતી ક્રિયાને કરવા–વેદવાને આત્મા અસમર્થ છે, જાણવા –દેખવાને સમર્થ છે.

પુણ્ય–પાપના ભાવને કરવું ને વેદવું એ આત્માનું સ્વરૂપ નથી. જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી પ્રભુ રાગને કરે કે વેદે એ તેનું સ્વરૂપ જ નથી, એ તો કેવળ કર્મનો ઉદય આવવો કે કર્મની નિર્જરા થવી તેને જાણે જ છે, બંધ–મોક્ષને કેવળ જાણે જ છે. ધર્મી જીવ વ્યવહારના–વ્રત–તપ–ભક્તિ આદિના પરિણામને કરતો નથી તેમ વેદતો નથી કેવળ જાણે જ છે, કેમ કે આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે–એવી જ્ઞાનસ્વભાવની ધ્રુવતાને ધર્મી અનુભવે છે.

જ્ઞાનનો સ્વભાવ આંખની જેમ દૂરથી જાણવાનો છે એટલે કે આંખ અગ્નિને જાણે, વીંછીને જાણે પણ દૂરથી જાણે, તેમાં ભળીને ન જાણે. તેમ આત્મા જ્ઞાન સ્વરૂપ છે, તેને કરવું–ભોગવવું નથી, તે તો દયા–દાન આદિના રાગને દૂરથી જાણે જ છે. જેમ મકાન થાય કે તૂટે તેને દૂરથી આંખ જાણે છે પણ આંખ મકાન કરે કે તોડે તેમ નથી, તેમ જ્ઞાનનો સ્વભાવ રાગને દૂરથી જાણે છે, કરવું ભોગવવું તેને નથી. જ્ઞાનસ્વભાવની જેને દ્રષ્ટિ છે એવા ધર્મીને રાગનું કરવું–ભોગવવું નથી પણ કેવળ જાણવું જ છે. પરંતુ રાગને કરું છું કે ભોગવું છું એમ માનવું તે માન્યતા અજ્ઞાન છે, મિથ્યાત્વ છે.

ત્યારે શિષ્ય પ્રશ્ન કરે છે કે કેવળજ્ઞાન થતાં રાગને કરે કે વેદે નહીં પણ નીચલી ભૂમિકામાં પણ રાગને કરે કે વેદે નહીં? જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી સુખ–દુઃખ રાગ–દ્વેષનું પરિણમન થાય છે, તો પછી જ્ઞાતાપણું કેમ કહેવાય?

તેને કહે છે કે સ્વતંત્રપણે એટલે કે રુચિ ને હોંશ પૂર્વક કરે–ભોગવે તેને પરમાર્થે કર્તા–ભોક્તા કહેવાય. નીચલી ભૂમિકામાં જ્ઞાનીને મિથ્યાત્વનો અભાવ થતાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થવાથી જ્ઞાનીને વિકારની હોંશ નથી, પુણ્યભાવની હોંશ કે રુચિ નથી. તેથી તે હોંશથી એટલે કે સ્વતંત્રપણે વિકારને કરતો નથી માટે જ્ઞાની રાગનો કર્તા–ભોક્તા નથી.

વળી પોતાની નબળાઈથી જે ભાવકર્મ થાય છે તેના નિમિત્તે જે નવા કર્મ બંધાય છે તેને અહીં ગણવામાં આવ્યા નથી. કેમ કે મિથ્યાત્વ સહિતના બંધને જ બંધ ગણવામાં આવ્યો છે, કારણકે મિથ્યાત્વ એ જ સંસાર છે અને જેને મિથ્યાત્વનો નાશ થયો છે તેને સંસારનો નાશ થયો છે. અવ્રત, પ્રમાદ આદિનો બંધ છે પણ તે અલ્પબંધને નહીં ગણીને મિથ્યાત્વનો અભાવ થતાં સંસારનો અભાવ ગણ્યો છે. કારણ કે જેમ આંબલીના વૃક્ષનું મૂળ કાપી નાખતાં લાખો પાંદડા થોડા સમયે સૂકાઈ જશે તેમ જેને મિથ્યાત્વનો નાશ થયો છે તેને સંસારનો અભાવ થાય છે. મિથ્યાત્વ ગયા પછી થોડો બંધ છે એ તો સમુદ્રમાં બિંદુ જેવો છે, તેની શી ગણતરી?

વળી કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે અને નીચલી ભૂમિકામાં શ્રુતજ્ઞાની આત્માને એવો જ અનુભવે છે. વેદનની અપેક્ષાએ તો કેવળજ્ઞાની જેવો આત્મા અનુભવે છે તેવો જ સમ્યગ્દ્રષ્ટિ અનુભવે છે. તેથી સમ્યગ્દ્રષ્ટિને શ્રદ્ધા–જ્ઞાન અપેક્ષાએ રાગાદિનું જ્ઞાતાદ્રષ્ટાપણું જ છે. તેથી જ્ઞાની ધર્માત્મા રાગાદિનો અકારક ને અવેદક છે.

[ અનુસંધાન પાનું ૧૭ થી ચાલુ ]

થયો એવું કાળલબ્ધિનું જ્ઞાન થાય. જે કાળે જે થવાનું હોય તે થાય–એ વાત સાચી, પણ એમ વાતો કર્યેથી શું? એનો નિર્ણય ક્યારે થાય ને કોને થાય?–કે દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય ત્યારે તેને તેનો નિર્ણય થાય. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યારે તેનું લક્ષ પર્યાય પર ન રહે, દ્રવ્યસ્વભાવ પર લક્ષ જાય.

જીવ પોતાથી જ સમ્યગ્દર્શન પામે છે, તોપણ કાળલબ્ધિ વિના કરોડો ઉપાય કરે છતાં સમ્યગ્દર્શન પામતો નથી, એટલે કે કાળલબ્ધિ ન હોય ત્યારે કરોડો ઉપાય પણ અવળા જ હોય. કાળલબ્ધિ સાથે એક જ સમયે પાંચે સમવાય હોય છે, કાળલબ્ધિના કાળે પુરુષાર્થ પણ હોય છે પરંતુ અહીં કાળલબ્ધિની મુખ્યતાથી વાત કરી છે તેમ જાણવું.

# જ્ઞા....ન....ગો....ષ્ઠી

( પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો )

પ્રશ્નઃ– અનુમાન જ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરે તે અનુમાન જ્ઞાનને સમ્યક્‌જ્ઞાન કહેવાય ?

ઉત્તરઃ– અનુમાન જ્ઞાનને સમ્યક્‌જ્ઞાન કહેવાય નહિ. સમ્યક્‌જ્ઞાન સાથે આનંદ હોય છે, આનંદ સહિતના જ્ઞાનને સમ્યક્‌જ્ઞાન કહેવાય. પ્રત્યક્ષ પૂર્વકનું અનુમાન જ્ઞાન હોય તેને વ્યવહાર જ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષ વિનાનું એકલું અનુમાન તે સમ્યક્‌જ્ઞાન નથી. પ્રવચનસારમાં અલિંગગ્રહણના બોલમાં પ્રત્યક્ષ વિનાના એકલા અનુમાનજ્ઞાન નો વિષય આત્મા નથી તેમ કહ્યું છે.

પ્રશ્નઃ– આત્માની સન્મુખ શી રીતે થવું ?

ઉત્તરઃ– પરની સામે જોવે છે તે સ્વની સામે જોવાથી સ્વસન્મુખ થવાય. અનંત અનંત જ્ઞાનાનંદ સામર્થ્યવાળી વસ્તુ છે તેનું જેવું અને જેટલું મહાત્મ્ય છે તેવું અને તેટલું મહાત્મ્ય તેના જ્ઞાનમાં આવે તો તે જ્ઞાન સ્વસન્મુખ થઈ શકે.

પ્રશ્નઃ– જીવ શુદ્ધ સ્વરૂપી છે તે તો બરાબર પણ રાગ–દ્વેષ–મોહ સુખ–દુઃખના પરિણામને કરે છે કોણ ? ને ભોગવે છે કોણ ?

ઉત્તરઃ– જીવ જ રાગ–દ્વેષ–મોહના પરિણામને કરે છે ને સુખ દુઃખ ના હરખ–શોકને ભોગવે છે, પણ તે વિભાવપરિણામ છે, ઉપાધિભાવ છે, તેથી જીવનું સ્વરૂપ વિચારતાં તે જીવનું સ્વરૂપ નથી તેમ કહેવાય છે અને શુદ્ધસ્વરૂપના અનુભવમાં વિભાવ આવતો નથી તેથી સ્વભાવ દ્રષ્ટિએ વિભાવ આત્માથી ભિન્ન છે.

પ્રશ્નઃ– આત્માના ગુણગાન કરતાં ચૈતન્યનું પૂર, જ્ઞાનની મૂર્તિ, આનંદનો સાગર વિગેરે વિશેષણો ઓછા પડે છે ?

ઉત્તરઃ– હા, આત્મા અતીન્દ્રિય જ્ઞાનાનંદનો સાગર છે, તેના ગુણગાન વાણીમાં શું આવી શકે ? ગુંગો માણસ ગોળના ગળપણના વખાણ હાથની આંગળીના ઇશારાથી કરે તેમાં ગળપણનો સ્વાદ શું આવી શકે ?

પ્રશ્નઃ– જો રાગથી પરદ્રવ્યને ફેરવી શકાતા નથી તો જ્ઞાની પરદ્રવ્યને ફેરવવાનો રાગ શા માટે કરે છે ?

ઉત્તરઃ– રાગથી પરદ્રવ્યને ફેરવી શકાતા જ નથી, તોપણ જ્ઞાનીને નબળાઈથી રાગ આવે છે છતાં એ રાગના જ્ઞાની કર્તા થતાં નથી, રાગને જ્ઞેય બનાવીને જાણનાર રહે છે.

* જ્ઞાનીએ આત્માનો સ્વાભવ કરીને ધારણામાં લીધો છે એ ધારણાથી જ્ઞાની ફરીફરીને આત્માનું સ્મરણ કરે છે.

પ્રશ્નઃ– ધારણાનો વિષય તો આત્મા નથી ને ?

ઉત્તરઃ– એ તો બહારના ઉઘાડથી થયેલ ધારણાની વાત છે, તે ધારણાનો વિષય આત્મા નથી. પણ સમ્યક્ મતિજ્ઞાનમાં આત્માને જાણીને જે ધારણા થઈ છે તેનો વિષય આત્મા છે, એ ધારણાથી જ્ઞાની ફરી ફરીને આત્માનું સ્મરણ કરે છે.

પ્રશ્નઃ– સ્મરણ થાય એટલે નિર્વિકલ્પ દશા થઈ જાય ?

ઉત્તરઃ– સ્મરણ એ જ નિર્વિકલ્પતા છે. નિર્વિકલ્પ સ્મરણમાં અતીન્દ્રિય આનંદની માળા ફરે છે, એ નિર્વિકલ્પ સ્મરણથી મોહ છૂટે છે, વિકલ્પથી મોહ છૂટે નહિ.

પ્રશ્નઃ– જ્ઞાનમાં રાગ જણાય છે, છતાં જ્ઞાનમાં રાગ એક મેક હોય તેવું કેમ લાગે છે ?

ઉત્તરઃ– ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની રાગ અને જ્ઞાનની અતિ નિકટતા દેખી એક–મેક હોય તેવું માને છે પણ રાગ અને જ્ઞાન એક મેક છે નહિ.

પ્રશ્નઃ– ગ્રહસ્થને પુણ્ય પરિણામનો ક્ષય કરવાનું આપ કહો છો ?

ઉત્તરઃ– પુણ્ય પરિણામનો ક્ષય તો જ્યારે શુદ્ધોપયોગ પૂર્ણ થાય ત્યારે થાય છે, નીચલી ભૂમિકામાં પણ પરિણામનો ક્ષય થઈ શકે નહિ, પણ પુણ્યભાવ હેયરૂપ છે, ક્ષય કરવા લાયક છે એવી દ્રષ્ટિ પ્રથમ કરવાની છે. પુણ્યભાવ હેય છે, ક્ષય કરવા લાયક છે તેમ નહિ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. કલશ ટીકામાં કહ્યું છે કે વ્યવહાર ચારિત્ર દુષ્ટ અનિષ્ટ ને ઘાતક છે તેથી નિષિદ્ધ છે. નીચલી ભૂમિકામાં શુભભાવ આવ્યા વિના રહે નહિ પણ પ્રથમ દ્રષ્ટિમાં નિષેધ થવો જોઈએ.

* જીવ જિનવર છે ને જિનવર જીવ છે એવી દ્રષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાય ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે, વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય, સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા... આત્મા... ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

* નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી પણ જ્ઞાન–દર્શનરૂપ પરિણમનારો છું. હજુ રાગાદિભાવો થશે એમ જાણે છે, છતાં તેના સ્વામીપણે હું થનાર નથી, મને ભવિષ્યમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થશે એવો મારો પ્રયત્ન છે છતાં તે વખતે રાગ હશે, પરંતુ તે રૂપે હું પરિણમનાર નથી તેવો નિર્ણય છે. નિર્ણય કરે છે પર્યાયમાં, પછી અનુભવ થશે પર્યાયમાં, પણ તે પર્યાય એવો નિર્ણય કરે છે કે હું તો ચિન્માત્ર અખંડ જ્યોતિસ્વરૂપ છું, પર્યાયરૂપ નથી.

* આત્મા અને રાગને ભિન્ન પડવાનું સાધન

જ્ઞાનની દશા–ભગવતી પ્રજ્ઞા જ છે. શુભરાગનો વ્યવહાર તે સાધન નથી પણ એ શુભરાગથી ભિન્ન પડવામાં ભગવતી પ્રજ્ઞાજ્ઞાન પર્યાય સાધન છે. જે જ્ઞાનપર્યાય સ્વભાવમાં વળે છે તે પર્યાય રાગથી ભિન્ન પડવાનું સાધન છે. જેમ પથ્થરની વચ્ચે રગ હોય છે તેમાં દારૂ ભરીને તોડવાથી ઉપર નીચેના બે પથ્થર જુદા પડી જાય છે તેમ રાગ ને જ્ઞાન તે બન્ને જુદા છે તેને પ્રજ્ઞારૂપી છીણી મારવાથી જુદા કરાય છે. જ્ઞાન તે આનંદ સ્વરૂપ છે ને રાગ દુઃખરૂપ છે તેમ બન્નેના ભિન્ન ભિન્ન લક્ષણ ઓળખીને પ્રજ્ઞા વડે જુદા પાડવામાં આવે છે.

* શરીર–મન–વાણી–કર્મ તો જડ છે અને આ રાગ છે તેમાં પણ કાંઈ ચૈતન્યના નૂરનાપૂરનો પ્રકાશ નથી, એ તો જેમ ધૂળના કણીયા છે તેમ રાગના કણીયા છે. ચૈતન્યનાનૂરનાપૂરનો પ્રકાશ તો આનંદસ્વરૂપ આત્મા છે તેમાં રાગના કણીયાનો પ્રવેશ નથી.

* વિકારી પર્યાય પરદ્રવ્યની સન્મુખતા કરે છે તેથી વિકારને દ્રવ્યથી ભિન્ન કહ્યો અને શુદ્ધ પર્યાય સ્વદ્રવ્યની સન્મુખ થાય છે તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવાય છે, પણ અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે–શક્તિ છે એ જ્ઞાન પર્યાયમાં આવી જાય છે, પ્રતીતિમાં આવી જાય છે. તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહી છે, પણ એનો અર્થ એ નથી કે અનિત્ય પર્યાય નિત્ય દ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય–પર્યાય બન્નેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બન્ને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે–લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે, પણ તેથી દ્રવ્ય–પર્યાય એક થઈ જાય છે તેમ નથી, બંનેના સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ થતી નથી અને દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી.

* અશુદ્ધ પર્યાય ( પર્યાયાર્થિકનયથી ) દ્રવ્યથી અભિન્ન છે તેથી દ્રવ્ય પણ અશુદ્ધ છે તેમ કોઈ કહે તો તે વાત સાચી નથી. પર્યાય અશુદ્ધ હોવા છતાં ત્રિકાળી–દ્રવ્ય કદી પણ અશુદ્ધ થતું જ નથી, વસ્તુ ત્રિકાળી દ્રવ્ય તો શુદ્ધ જ છે. વિકાર તો પરના લક્ષે થતો દ્રવ્યનો એકસમયની અવસ્થાનો ભેખ છે અને મોક્ષમાર્ગની પર્યાય પણ દ્રવ્યનો એકસમયની અવસ્થાનો ભેખ છે. અરે ! સિદ્ધદશા એ પણ એક સમયની અવસ્થાનો ભેખ છે, ત્રિકાળી ધ્રુવ વસ્તુ નથી. જો ત્રિકાળી દ્રવ્યથી પર્યાય અભિન્ન જ હોય તો વિકારી અને અવિકારી પર્યાયનો અભાવ થતાં દ્રવ્યનો પણ અભાવ–નાશ થઈ જાય પણ દ્રવ્ય તો પર્યાયથી કથંચિત્ ભિન્ન હોવાથી ત્રિકાળ ટકનાર છે. સમયસાર–સંવર અધિકારમાં તો વિકારના પ્રદેશને પણ દ્રવ્યથી ભિન્ન ગણવામાં આવ્યા છે, ક્રોધાદિ કષાય અને જ્ઞાનના પ્રદેશ ભિન્ન કહ્યાં છે.

[ સમસ્ત પરદ્રવ્યોનો આશ્રય ત્વરાથી છોડો.....ટાઈટલ ૩ થી ચાલુ ]

સ્વદ્રવ્ય સિવાય જે આખો લોકાલોક છે તેના નિમિત્તે એટલે કે તેનો આશ્રય કરતાં મિથ્યાત્વ ને રાગાદિ થાય છે. દોષનું મૂળ કારણ પરદ્રવ્ય નથી પણ પરદ્રવ્યનું સ્વામીપણું દોષનું મૂળ છે. સ્વ-સ્વામીપણું છોડી દઈને પરદ્રવ્ય તરફના ઝુકાવમાં જેટલો ભાવ થાય તેટલો વિકાર થાય છે. જ્ઞાનીને પરદ્રવ્ય તરફના ઝુકાવમાં મોહ થતો નથી પણ રાગ-દ્વેષ થાય છે અને અજ્ઞાનીને સ્વદ્રવ્યનું સ્વામીપણું નહીં હોવાથી પરદ્રવ્ય તરફના ઝુકાવથી મિથ્યાત્વનું પાપ થાય છે.

વિકારનું સ્વામીપણું તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્યનો આશ્રય તે મુક્તિનું કારણ છે. પરદ્રવ્ય તરફ જેટલું લક્ષ જાય છે તેટલો બંધ થાય છે. શરીર-મન-વાણી અજીવ તત્ત્વથી અને પુણ્ય-પાપથી ભિન્ન નિજ આત્માનો આશ્રય કરતાં જે દશા થાય તે ધર્મ અને મોક્ષનું કારણ થાય છે તથા તેને છોડી જેટલો પરદ્રવ્યનો આશ્રય થાય છે તે અધર્મ દશા છે અને તે બંધનું કારણ છે.

પરદ્રવ્ય છે તે નિમિત્ત છે અને તેના લક્ષે જે રાગ-દ્વેષ-મોહ થાય તે નૈમિત્તિક છે. આત્મા સિવાય અન્ય સમસ્ત પરદ્રવ્ય છે તેના લક્ષે વિકાર જ થાય. દયા-દાન-યાત્રા-પૂજા આદિથી પુણ્ય થાય ને ધંધાદિથી પાપ થાય પણ થાય છે તો વિકાર જ, અને તે પરદ્રવ્યના લક્ષે થતી સંતતિ છે, તે નિજ આત્માની સંતતિ નથી.

નિમિત્તના લક્ષે વિકારી ભાવનો પ્રવાહ ચાલશે માટે તે સમસ્ત વિકારી સંતતિને જે મૂળમાંથી એકી સાથે ઉખેડી નાખવા માગે છે તેણે સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરીને આત્માના આશ્રયે જવું. રાગનો ત્યાગ કરાવવો છે તેથી ઉપદેશની શૈલીમાં પરદ્રવ્યનો ત્યાગ કહીને તેના નિમિત્તે થતાં જે નૈમિત્તિકભાવ-રાગ તેનો ત્યાગ કરાવ્યો છે. પરદ્રવ્યનું ગ્રહણ જીવે ક્યાં કર્યું જ છે કે જેથી પરદ્રવ્યનો ત્યાગ કરે ?-પણ રાગનો ત્યાગ કરાવવા ત્યાગનું કથન કર્યું છે.

પરદ્રવ્ય તરફનું લક્ષ છોડીને ભગવાન આત્માનું પૂર્ણ લક્ષ કરતાં જે પરિણતિ ઉત્પન્ન થાય તેમાં પૂર્ણાનંદનું વેદન આવે છે, ધારાવાહી સ્વસંવેદન ચાલે છે. આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે તેનું લક્ષ છોડી પૂર્ણાનંદનો નાથ તેનું લક્ષ કરતાં જે બંધના પરિણામ હતા તેને બદલે સ્વસંવેદનના પરિણામ થાય છે.

[ અનુસંધાન પાનું ૨૭ ]

# સમાચાર દર્શન

## પ્રવચનકાર બંધુઓ માટે અપૂર્વ અવસર –

પર્યુષણ અથવા અન્ય અવસર પર પ્રવચનાર્થે જવાવાળા તથા મંડળોની દૈનિક તત્ત્વગોષ્ઠીમાં પ્રવચન કરવાવાળા પ્રવચનકાર બંધુઓને આ જાણીને પ્રસન્નતા થશે કે ધર્માધ્યાપકો અને વિદ્વાનો જેમાં તૈયાર થાય છે એવી અનેકાનેક શિક્ષણ–પ્રશિક્ષણ શિબિરોની પછી પ્રવચનકારોની પ્રવચનશૈલી તેમ જ સંબંધિત વિષયોના પરિમાર્જન હેતુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની છત્રછાયામાં એક પ્રવચનકાર–પ્રશિક્ષણ–શિબિર પણ હવે સોનગઢમાં તા. ૩૧–૮–૭૭ થી તા. ૧૪–૯–૭૭ સુધી યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સમાજમાં આધ્યાત્મિક રુચિ નિરંતર વૃદ્ધિ પામતી જાય છે. પરિણામસ્વરૂપ પ્રવચનકારોની માંગ પણ વધી રહી છે. પર્યુષણાદિ પર્વો પર દર વર્ષે સેંકડો પ્રવચનકાર પ્રવચનાર્થે જાય છે તથા આખાએ ભારતવર્ષનાં મંડળોમાં દરરોજ ચાલી રહેલ સેંકડો સભાઓમાં પણ પ્રવચન કરે છે. તેમાં ઘણા પ્રવચનકાર બંધુઓ એવા પણ છે કે જેમને ગુરુદેવશ્રીને સાક્ષાત્ સાંભળવાનો લાભ વર્ષમાં ૧૫ દિવસ પણ મળી શકતો નથી તથા ઘણાઓનો અભ્યાસ પણ સર્વાંગ હોતો નથી. ફલસ્વરૂપ તેઓ જિનવાણીનો મર્મ ચારેય અનુયોગ તેમ જ નયકથનોની સંધિપૂર્વક વ્યક્ત કરી શકતા નથી; તે કારણે ક્યારેક ક્યારેક સમાજમાં તત્ત્વ પ્રત્યે તેમ જ સોનગઢ પ્રત્યે કાંઈક ભ્રમ ઉત્પન્ન થઈ જાય છે, અને તે કારણે તત્ત્વપ્રચારમાં વૃદ્ધિ થવાને બદલે હાનિ ઉત્પન્ન થઈ જાય છે.

નયકથનો અને ચારે અનુયોગોના સમન્વય પૂર્વક જ્ઞાન કરાવવું તેમ જ શૈલીને રોચક, સરલ, સુબોધ અને સરસ બનાવવી એ જ આ શિબિરનો ઉદ્દેશ છે. આમાં માત્ર પ્રવચનકાર બંધુઓ જ ભાગ લઈ શકશે. પ્રત્યેક વ્યક્તિ પર વ્યક્તિગત ધ્યાન આપી શકાય તે માટે સીમિત લોકોને જ પ્રવેશ આપી શકાશે. જેમને પ્રવેશ મળશે તેમનાં ભોજન અને નિવાસની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.

પૂજ્ય સ્વામીજીનાં બંને વખતનાં પ્રવચનો અને રાત્રિચર્ચા ઉપરાંત બે કલાક પ્રશિક્ષણ વર્ગો ચાલશે તેમ જ એક કલાક પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવશે. અધ્યાપન કાર્ય મુખ્યપણે ડો. હુકમચંદજી ભારિલ્લ કરશે. સાથે સાથે ઉચ્ચ કોટિના પ્રવચનકાર સર્વ શ્રી રામજીભાઈ, લાલચંદભાઈ, ખીમચંદભાઈ, હિંમતભાઈ, બાબુભાઈ, યુગલજી આદિનાં પ્રવચનોનો વિશેષ લાભ પણ મળશે.

તેથી સમસ્ત પ્રવચનકારો તથા મુમુક્ષુ મંડળો પ્રત્યે સાનુરોધ આગ્રહ છે કે પ્રવચનકારો ક્યારે પધારશે તેની સૂચના નીચે લખેલ સરનામે તરત જ આપે કે જેથી તેમના માટે યોગ્ય વ્યવસ્થા કરી શકાય. ૩૧ જુલાઈ સુધીમાં સૂચના અવશ્ય આવી જવી જોઈએ.

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ–૩૬૪૨૫૦
જિલ્લો ભાવનગર (સૌરાષ્ટ્ર)

શ્રી ટોડરમલ સ્મારક ભવન,
એ–૪, બાપૂનગર
જયપુર–૩૦૨૦૦૪ (રાજસ્થાન)

જયપુરઃ– શ્રી ટોડરમલ દિગંબર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય ખોલવાની પૂર્વ તૈયારીઓ અહીં તા. ૧૨–૬–૭૭ થી જ ઉત્સાહપૂર્વક પ્રારંભ થઈ ગઈ છે. આને માટે શ્રી નેમીચંદજી પાટની, ડો. હુકમચંદજી ભારિલ્લ, પં. જ્ઞાનચંદજી વિદિશા આદિ સર્વે રાતદિવસ કાર્યરત છે. જુદા જુદા સ્થળે દરરોજ ડો. હુકમચંદજી ભારિલ્લ તથા પં. જ્ઞાનચંદજી વિદિશાવાળાના બંને વખત પ્રવચન ચાલતાં હોવાથી અહીં એકદમ આધ્યાત્મિક વાતાવરણ ગુંજી રહ્યું છે. ૧૫ છાત્રોને પ્રવેશ અપાઈ ગયો છે. સ્થાનીય સમાજમાં મહાન ધર્મપ્રભાવના થઈ રહી છે. – અખિલ બંસલ

---

[ પાનું ૨૫ થી ચાલુ ]

તારા સ્વભાવના પૂર્ણ આશ્રયે જતાં તને પૂર્ણ સ્વસંવેદન થશે ને તેમાં તને ભગવાનના ભેટા થશે. પૂર્ણાનંદના આશ્રયે જેને પૂર્ણ સ્વસંવેદન પ્રગટ થયું છે તે ભગવાન આત્માને પામે છે અને ત્યારે વિકારી ભાવોને મૂળમાંથી ઉખેડી નાંખે છે ને કર્મનો પૂર્ણ નાશ થાય છે. અબંધ સ્વભાવી ભગવાન આત્માના આશ્રયનું આ ફળ છે.

## ❀ શ્રી ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયનું ઉદ્ઘાટન ❀

શ્રી કુંદકુંદ–કહાન દિગંબર જૈન તીર્થ–સુરક્ષા ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયનું ઉદ્ઘાટન પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રીમાન્ શેઠ સાહૂ શ્રેયાંસપ્રસાદજી જૈન દ્વારા તા. ૨૪–૭–૭૭ ના રોજ શ્રી ટોડરમલ સ્મારક ભવન, બાપૂનગર, જયપુરમાં શ્રીમાન્ પં. લાલચંદભાઈ અમરચંદ મોદીની અધ્યક્ષતામાં થવાનું છે.

આ પ્રસંગે વિદ્વદ્વર્ય શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા, શ્રી યુગલજી કોટા, પં. જ્ઞાનચંદજી વિદિશા, પં. જવાહરલાલજી વિદિશા, પં. પ્રકાશચંદ્રજી શાસ્ત્રી ‘હિતૈષી’ દિલ્હી, આદિ અનેક ગણમાન્ય વિદ્વાન તેમ જ શ્રી રતનલાલજી ગંગવાલ કલકત્તા, શ્રી પન્નાલાલજી ગંગવાલ કલકત્તા, શાંતિલાલભાઈ ઝવેરી મુંબઈ, બ્ર. ધન્યકુમારજી બેલોકર શિરપુર, બ્ર. શેઠ રાવજીભાઈ ફલટન, શ્રી માણેકલાલ આર. ગાંધી મુંબઈ, શેઠ રાજેન્દ્રકુમારજી વિદિશા આદિ શ્રીમાન્ પધારશે.

મહાવિદ્યાલયની સાથે તેનાં છાત્રાવાસ તથા ભોજનાલય પણ રહેશે. આવાસ અને ભોજનની સમુચિત વ્યવસ્થાની સાથે આધ્યાત્મિક વાતાવરણ બન્યું રહે તે માટે આખું વર્ષ નિરંતર વિદ્વાનોનાં પ્રવચન, તત્ત્વચર્ચા આદિની વ્યવસ્થા પણ રહેશે, વિદ્વાનોનાં પ્રવચન અને ચર્ચાનો લાભ સ્થાનિક વ્યક્તિને તો મળશે જ; બહારથી પણ આત્માર્થી બંધુઓ પધારે એવી સંભાવના છે તેથી તેમની વ્યવસ્થાની પણ યોજના છે.

### ઉદ્ઘાટન તિથિ તા. ૨૪-૭-૭૭

નીચે મુજબ આદરણીય વિદ્વાનોનાં પ્રવચન આદિનો કાર્યક્રમ રહેશે.

તા. ૨૪–૭–૭૭ થી તા. ૭–૮–૭૭ સુધીઃ– ૧. આદરણીય શ્રી પં. લાલચંદભાઈ અમરચંદ મોદી મુંબઈ, ૨. શ્રી બ્ર. પં. ધન્યકુમારજી બેલોકર ૩. શ્રી. પં. પ્રકાશચંદ્ર “હિતૈષી” શાસ્ત્રી દિલ્લી ૪. શ્રી પં. હીરાલાલ ભીખાભાઈ સોનગઢ.

તા. ૮–૮–૭૭ થી તા. ૨૭–૮–૭૭ સુધીઃ– ૧. આદરણીય પં. શ્રી યુગલકિશોરજી “યુગલ” કોટા, ૨. શ્રી વાણીભૂષણ પં. જ્ઞાનચન્દ વિદિશા, ૩. શ્રી પં. ગેંદાલાલ શાસ્ત્રી કોટા, ૪. શ્રી પં. પ્રકાશચન્દ “હિતૈષી” શાસ્ત્રી દિલ્લી.

તા. ૨૮–૮–૭૭ થી ૩૦–૯–૭૭ સુધીઃ– સર્વ વિદ્યાર્થીગણ સોનગઢ પ્રવચનકાર શિક્ષણ શિબિરમાં ભાગ લેવા જશે તથા પ્રવચનકાર વિદ્યાર્થી પર્યુષણમાં પ્રવચન માટે જશે.

તા. ૧–૧૦–૭૭ થી ૨૦–૧૦–૭૭ સુધીઃ– સર્વ વિદ્યાર્થીગણ અનુપસ્થિતિના સમયના શિક્ષણની ક્ષતિપૂર્તિ કરશે.

તા. ૨૧–૧૦–૭૭ થી ૮–૧૧–૭૭ સુધીઃ– સમ્માનનીય પં. શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા ફતેપુર, ૨. શ્રી પં. રતનચન્દજી શાસ્ત્રી વિદિશા, ૩. શ્રી પં. જવાહરલાલજી વિદિશા, ૪. શ્રી પં. અભયકુમારજી જબલપુર.

તા. ૯–૧૧–૭૭ થી તા. ૧૪–૧૧–૭૭ સુધીઃ– દીવાળી ઉત્સવ નિમિત્તે ૧. આદરણીય ડો. હુકમચંદ ભારિલ્લ.

તા. ૧૫–૧૧–૭૭ થી તા. ૧૫–૧૨–૭૭ સુધીઃ– આદરણીય પં. શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠ સોનગઢ, ૨. વાણીભૂષણ પં. જ્ઞાનચંદ જૈન વિદિશા, ૩. શ્રી પં. રાજમલજી જૈન ભોપાલ, ૪. શ્રી બ્ર. ધન્યકુમારજી બેલોકર સોનગઢ.

તા. ૧૬–૧૨–૭૭ થી તા. ૧૫–૧–૭૮ સુધીઃ– ૧. આદરણીય પં. ફૂલચંદજી સિદ્ધાંત શાસ્ત્રી ૨. પં. શ્રી શશીભાઈ શેઠ ભાવનગર, ૩. શ્રી પં. ઉત્તમચંદ જૈન એમ. એ., બી. એડ. શાસ્ત્રી, ૪. શ્રી પં. નેમીચન્દ પાટની આગરા.

તા. ૧૬–૧–૭૮ થી તા. ૩૧–૧–૭૮ઃ– ૧. આદરણીય પં. શ્રી હિંમતલાલ છોટાલાલ જોબાળિયા સોનગઢ, ૨. શ્રી પં. નેમીચન્દભાઈ રખિયાળ, ૩. શ્રી પં. ડાલચન્દજી સર્રાફ, ભોપાલ, ૪. શ્રી. પં. કનુભાઈ દાહોદ.

તા. ૧–૨–૭૮ થી ઃ–વિદ્યાર્થીગણ ફેબ્રુઆરીમાં થનારી પરીક્ષાઓની તથા ત્યારબાદ રાજસ્થાન મહાવિદ્યાલયની પરીક્ષાની તૈયારી કરશે.

નોંધઃ– ઉપરોક્ત વિદ્વાનો ઉપરાંત ડો. હુકમચંદજી ભારિલ્લ તો લગભગ બધો સમય ત્યાં જ રહેશે; તેથી તેમનાં પ્રવચનો તેમ જ કક્ષાઓનો નિરંતર લાભ મળ્યા કરશે.

સર્વ આત્માર્થી બંધુઓ આનો પૂરેપૂરો લાભ લ્યે એવી વિનંતી છે. પધારવાની સૂચના ૧૦ દિવસ અગાઉ અવશ્ય દે કે જેથી સમુચિત વ્યવસ્થા કરી શકાય.

## ❀ દીક્ષાન્ત સમારોહની પૂર્ણાહુતિ ❀

શ્રી વીતરાગ વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડનો દશમો દીક્ષાન્ત સમારોહ, પ્રાંતિજનગર ( ગુજરાત ) માં તારીખ ૩ જૂન ૧૯૭૭ ના રોજ આનંદ અને ઉત્સાહ પૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થયો. આ સમારોહના અધ્યક્ષ પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રીમાન્ શેઠ શ્રી લાલચંદ હીરાચંદ મુંબઈવાળા હતા. તેઓશ્રીનું અધ્યક્ષીય ભાષણ મનનીય હતું. સમાજના ઉત્કર્ષ માટે આધ્યાત્મિક જ્ઞાનની આવશ્યકતા ઉપર તેમણે ભાર મૂક્યો હતો.

તા. ૧૫ મી મેથી ૩ જૂન ૧૯૭૭ સુધી ચાલેલ આ શિક્ષણ–પ્રશિક્ષણ શિબિરમાં ૨૦૮ પ્રશિક્ષણાર્થી અધ્યાપક–અધ્યાપિકાઓએ બાલબોધ પ્રશિક્ષણ તથા પ્રવેશિકા પ્રશિક્ષણમાં તથા ૪૨૭ વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓએ બાલશિક્ષણમાં ભાગ લીધો હતો. તે સિવાય છઢાળા, મોક્ષમાર્ગપ્રકાશક, લઘુ જૈનસિદ્ધાંત પ્રવેશિકાની શિક્ષણ કક્ષાઓમાં દરરોજ લગભગ એક હજારથી પણ અધિક પ્રૌઢ શિક્ષાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું.

પ્રવેશિકા પ્રશિક્ષણ તથા બાલબોધ પ્રશિક્ષણમાં ઉત્તીર્ણ થયેલા બધાય પરીક્ષાર્થીઓને અધ્યક્ષ મહોદયના શુભ હસ્તે પ્રમાણપત્રો તથા ઈનામ આપવામાં આવ્યા.

– હેમચંદ જૈન 'ચેતન'

## * ભારતવર્ષીય વીતરાગ વિજ્ઞાન પાઠશાળા સમિતિની મીટિંગ *

પ્રાંતિજનગરમાં શિક્ષણ–પ્રશિક્ષણ શિબિરના અવસરે તા. ૩૦–૫–૭૭ ના રોજ સમિતિની મીટિંગ સમિતિના અધ્યક્ષ શ્રીમાન્ પં. બાબુભાઈ ચુનીલાલ મહેતાની અધ્યક્ષતામાં મળી હતી. સમિતિના મહામંત્રી શ્રી નેમીચંદજી પાટનીએ ગત વર્ષનો રિપોર્ટ વાંચી સંભળાવ્યો તથા તા. ૩૧–૩–૭૭ સુધીનો ઓડિટ કરેલો હિસાબ રજુ કર્યો. સન્ ૭૧ માં પાંચ પાઠશાળાઓથી સમિતિએ કાર્યારંભ કર્યો હતો અને આજે બધા પ્રાંતોમાં બધી મળીને ૨૬૬ પાઠશાળાઓ ચાલી રહી છે અને હજુ નવી પાઠશાળાઓ ખૂલતી જાય છે.

અંતર્ગત ચાલવાવાળી પ્રાંતીય સમિતિઓએ પણ પોતપોતાનો રિપોર્ટ રજુ કર્યો હતો. ગુજરાત પ્રાંતીય સમિતિએ પોતાના ક્ષેત્રમાં વિશેષ પ્રચાર માટે પાંચ વ્યક્તિઓની એક ઉપસમિતિ શ્રી રમણભાઈના સંયોજકત્વમાં બનાવી, જે ગામેગામ ફરીને પાઠશાળાઓ ખોલાવશે તથા ચાલુ પાઠશાળાઓનું ધોરણ સુધારવા પ્રયત્ન કરશે. તે જ વખતે ગુજરાત પ્રાંતનાં ૯ ગામોમાં અનુદાન વગર ચાલનારી નવ નવી પાઠશાળાઓ ચાલુ કરવાની ઘોષણા કરવામાં આવી.

દાન દાતારો તરફથી ૭૭–૭૮ ની સાલ માટે દરેક પાઠશાળા દીઠ વાર્ષિક રૂા. ૨૫૧/– એવી ૧૦૧ પાઠશાળાઓને અનુદાન દેવાની સ્વીકૃતિઓ મળી હતી.

શ્રીમાન્ શેઠ સાહૂ શાંતિપ્રસાદજી જૈને સંસ્થાની પ્રગતિથી પ્રસન્ન થઈને કાર્યની ખૂબ જ પ્રશંસા કરી અને સાહૂ જૈન ટ્રસ્ટ તરફથી રૂા. ૫૦૦/– દર મહિને આ સમિતિને આપવાની સ્વીકૃતિ આપી હતી.

સમિતિએ શ્રીમાન્ સાહૂ સાહેબને આ સંસ્થાના સંરક્ષકપદનો ગૌરવપૂર્ણ ભાર સોંપ્યો. આ રીતે સમિતિનું અધિવેશન અનેક સફળતાઓ સાથે પૂર્ણ થયું.

મંત્રી, ભારતવર્ષીય વીતરાગ વિજ્ઞાન પાઠશાળા સમિતિ, જયપુર.

* * *

## શ્રી વીતરાગ-વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડની મીટિંગ -

પ્રાંતિજનગરમાં થયેલ શિક્ષણ–પ્રશિક્ષણ શિબિરના અવસરે તા. ૩૧–૫–૭૭ ના રોજ પરીક્ષા બોર્ડની મીટિંગ બોર્ડના અધ્યક્ષ શ્રીમાન આધ્યાત્મિક પ્રવક્તા શેઠ શ્રી ખીમચંદ જેઠાલાલ શેઠની અધ્યક્ષતામાં મળી હતી. મંત્રી શ્રી નેમીચંદજી પાટનીએ ગત વર્ષની ઉપલબ્ધિઓ પર પ્રકાશ પાડયો. સન ૭૦ માં ૫૬૩ પરીક્ષાર્થીઓથી આ બોર્ડ કાર્યારંભ કર્યો હતો, પણ આ વર્ષે સન ૭૭–૭૮માં ૧૮૧૩૭ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો. કેન્દ્ર સંખ્યા ૨૬૬ થઈ છે. લગભગ ૭૦૦ પરીક્ષાર્થીઓએ રત્નકરંડશ્રાવકાચાર, દ્રવ્યસંગ્રહ, મોક્ષશાસ્ત્ર અને છઢાળા વગેરેની પરીક્ષા આપી છે. પરીક્ષા બોર્ડનો ગુજરાત શાખાનો રિપોર્ટ શ્રી ચેતનકુમાર જૈને રજુ કર્યો. મહારાષ્ટ્ર પ્રાંત તરફથી શ્રી વિજયાબહેન પાંગલે અને શ્રી બ્ર. ધન્યકુમારજી બેલોકરે કોલ્હાપુર ગામમાં પરીક્ષા બોર્ડની શાખા કાયમ કરવાની યોજના રજુ કરી. પં. ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય જુલાઇથી શરૂ થવાનું છે, તેથી પરીક્ષાબોર્ડમાં શાસ્ત્રીય અને આચાર્ય પરીક્ષાઓનો પઠનક્રમ શીઘ્રાતિશીઘ્ર નિર્ધારિત થવો જોઈએ. આ કાર્ય ડો. હુકમચંદજી ભારિલ્લ અને શ્રી નેમિચંદજી પાટનીને સોંપવામાં આવ્યું કે તેઓ ઓગસ્ટમાં થનારા સોનગઢનાં પ્રવચનકાર પ્રશિક્ષણ શિબિરના સમયે પઠનક્રમ તૈયાર કરીને લાવે અને ત્યાં નીચેના વિદ્વાનોની ઉપસમિતિમાં તે પાસ કરાવીને તે લાગુ કરી દે.

શ્રી પં. હિંમતલાલ જેઠાલાલ શાહ સોનગઢ, શ્રી પં. ખીમચંદજી શેઠ સોનગઢ,
શ્રી પં. પ્રકાશચંદજી હિતૈષી દિલ્હી, શ્રી પં. નેમીચંદજી પાટની આગરા,
શ્રી પં. ડો. હુકમચંદજી ભારિલ્લ
આ રીતે અધિવેશન સાનંદ પૂર્ણ થયું.

મંત્રી, શ્રી વીતરાગ વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડ, જયપુર.

## ❀ અગિયારમા શિક્ષણ-પ્રશિક્ષણ શિબિરની સાનંદ પૂર્ણાહૂતિ ❀

પ્રાંતિજ (ગુજરાત) માં પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર દ્વારા સંચાલિત શિક્ષણ–પ્રશિક્ષણ શિબિર શ્રૃંખલામાં અગિયારમી શિબિર તા. ૧૫ મે થી ૩ જૂન ૧૯૭૭ સુધી અભૂતપૂર્વ ધર્મપ્રભાવના સાથે આનંદ પૂર્ણ થઈ છે.

વીસ દિવસના આ જ્ઞાનયજ્ઞમાં ભારતના ભિન્ન ભિન્ન પ્રાંતોમાંથી અનેક ગણમાન્ય વિદ્વાનો અને શ્રીમાનો પધાર્યા હતા. પ્રશિક્ષણ શિબિરનું સંચાલન શ્રી પં. ડો. હુકમચંદજી ભારિલ્લ તથા શ્રી પં. રતનચંદજી વિદિશા કરતા હતા.

અંતમાં વિશાળ સમાપન સમારોહ થયા જેમાં સર્વ સમાગત વિદ્વાનોને અભિનંદન–પત્ર અને પ્રશસ્તિ–પત્ર દ્વારા યથોચિત સાર્વજનિક સન્માન કરવામાં આવ્યું.

આ શિબિરથી આખાયે ગુજરાતમાં એક જાગૃતિની લહેર ફેલાઈ ગઈ. ગુજરાતના જ એકસો એક ભાઈ બહેનો પ્રશિક્ષિત થયા, જેમણે પોતાના ગામમાં જઈને દૈનિક સ્વાધ્યાય ગોષ્ઠી અને વીતરાગ–વિજ્ઞાન પાઠશાળા ચલાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

ઉદયપુર (રાજસ્થાન) અને કોલ્હાપુર (મહારાષ્ટ્ર) તરફથી હવે પછીના શિબિર માટે આગ્રહ પૂર્ણ આમંત્રણ મળ્યા. પરંતુ હજુ તેને ઘણો સમય બાકી હોવાથી સ્વીકૃતિ આપવી સંભવિત ન હતી.


મંત્રી, પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર.

* પ્રાંતિજનગરમાં શિક્ષણ–પ્રશિક્ષણ શિબિરના સુઅવસર દરમ્યાન શ્રી કુંદકુંદ–કહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટનું દ્વિતીય જનરલ અધિવેશન થયું હતું અને સારાયે દેશમાંથી પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. મુખ્ય અતિથિ શ્રી શેઠ લાલચંદ હીરાચંદ દોશી હતા.

### નવું પ્રકાશનઃ-

| ગુજરાતી | | હિન્દી | |
|---|---|---|---|
| સમયસાર શાસ્ત્ર | ૧૨–૦૦ | જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ | ૪–૦૦ |
| પરમાત્મપ્રકાશ | ૧૫–૦૦ | સત્તાસ્વરૂપ | ૧–૭૦ |
| તત્ત્વજ્ઞાન પાઠમાળા ભાગ–૧ | ૧–૨૫ | મોક્ષશાસ્ત્ર | ૧૨–૦૦ |
| " " ભાગ–૨ | ૧–૨૫ | પંચમેરુ નંદિશ્વર વિધાન પૂજા | ૧–૫૦ |
| સમાધિતંત્ર | છપાય છે. | બૃહદ્દ્રવ્યસંગ્રહ | છપાય છે. |
| શ્રી સમયસાર કલશ–ટીકા | " | કલશ–ટીકા | " |
| શ્રી નિયમસાર | " | આત્મ–અવલોકન | ૩–૦૦ |

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ.




* જસદણવાળા શ્રી કેશવલાલ માણેકચંદ બોટાદરાના સુપુત્રી નીલાબેન અશ્વિનકુમાર શાહ ( ઉ. ૨૬ ) તા. ૨૭-૪-૭૭ ના રોજ અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને સત્ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિભાવ હતો. સદ્ગતનો આત્મા જિનશરણ પામીને આત્મકલ્યાણ પામો.

* દામનગરનિવાસી શ્રી છોટાલાલ લલ્લુભાઈ અજમેરા ( ઉ. ૬૭ ) તા. ૮-૬-૭૭ ના રોજ સ્વર્ગસ્થ થયા છે. તેઓ અવાર-નવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા. તેમને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિભાવ હતો. તેઓ ધર્મના પ્રતાપે આત્મોન્નતિ પામો.

* જામનગરનિવાસી શ્રી નવલચંદભાઈ ત્રિભોવનદાસ બાવીસી તા. ૨૯-૬-૭૭ ના રોજ હૃદયરોગની ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમને સત્ધર્મ પ્રત્યે ભક્તિભાવ હતો. તેઓ પૂજ્ય ગુરુદેવના પ્રવચન-શ્રવણનો અવાર-નવાર લાભ લેતા હતા. સદ્ગત્ આત્મા તત્ત્વસંસ્કારના બળે જિનશરણમાં આત્મોન્નતિ પામો.

* ભૃગુપુરવાળા શ્રી ગુણવંતલાલ કાંતિલાલ કામદાર ( ઉ. ૪૫ ) તા. ૧૨-૬-૭૭ ના રોજ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના સ્મરણપૂર્વક દેહવિલય પામ્યા છે. તેઓ સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવના પ્રવચનનો લાભ લેતા હતા. સદ્ગત્ આત્મા વીતરાગી દેવ-ગુરુ-ધર્મના પ્રતાપે આત્મહિત પામો.

## સુવર્ણપુરી સમાચારઃ-

તા. ૬-૭-૭૭

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય સારું છે. સવારે પ્રવચનમાં શ્રી સમયસાર- કલશટીકા ઉપર તથા બપોરે શ્રી સમયસાર ગાથા ૩૨૦ ની જયસેનાચાર્યકૃત ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક પ્રવચનો ચાલી રહ્યા છે.

* રાજકોટનિવાસી (હાલ સોનગઢ) શ્રી મગનલાલ સુંદરજી મહેતા તથા તેના પરિવાર તરફથી અષાઢ સુદ આઠમથી પુનમ સુધી સોનગઢમાં અષ્ટાહ્નિકાપર્વ ઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યું હતું.


### પ્રવચન-પ્રચાર-યોજના

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો નિયમિત રીતે ટેપ થઈ રહ્યા છે; જે કોઈ મુમુક્ષુઓને પ્રવચનના ટેપની નકલ કરાવવી હોય તેમને સંસ્થા તરફથી ટેપ કરી આપવામાં આવશે અને વ્યવસ્થા ખર્ચ પેટે એક પ્રવચન દીઠ રૂા. ૧/- લેવામાં આવશે.

– વ્યવસ્થા કમિટિ

રીલ તથા કેસેટ મોકલવાનું સરનામુંઃ-

ટેપ-રેકોર્ડિંગ વિભાગ,
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN 364250

# ❁ સમસ્ત પરદ્રવ્યોનો આશ્રય ત્વરાથી છોડ ❁

[ તા. ૧૮–૫–૭૭, પરમ પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

જેણે હિત કરવું હોય એટલે કે સુખી થવું હોય તેણે શું કરવું ?–કે જેણે હિત કરવું હોય તેણે આત્મામાં જવું, પર તરફના વલણથી ખસી આત્મામાં જવું, તે કરવાનું છે. પુણ્ય–પાપના ભાવ તે અહિતકારી છે તેથી જેને આત્માનું હિત કરવું હોય તેણે પુણ્ય–પાપના ભાવનું લક્ષ છોડી દઈ આત્માનું લક્ષ કરવું, તેમ અહીં શ્રી સમયસારમાં બંધ–અધિકાર પૂરો કરતાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ શ્લોક ૧૭૮ માં કહે છે.

આ આત્મા છે તે સ્વદ્રવ્ય છે. આઠ કર્મથી રહિત શુદ્ધ ચિદ્‌ઘન તે સ્વદ્રવ્ય છે તેના સિવાય સ્ત્રી–પુત્ર–પૈસા કે દેવ–શાસ્ત્ર–ગુરુ આદિ પરદ્રવ્ય છે. જેણે આત્માનું હિત કરવું હોય તેણે, પરદ્રવ્યનો જેટલો આશ્રય કરે છે તેના નિમિત્તે મિથ્યાત્વ રાગાદિ નૈમિત્તિક દોષભાવ થાય છે એમ વિચારીને, તે વિકારની સંતતિના પ્રવાહના મૂળમાં પરદ્રવ્યનું સ્વામીપણું હોવાથી એટલે કે પરદ્રવ્યના નિમિત્તે થતાં વિકારનું સ્વામીપણું તે મિથ્યાત્વ રાગાદિનું મૂળ હોવાથી પરદ્રવ્યના સ્વામીપણાનો ઉદ્યમથી ત્યાગ કરવો.

વિકારની સંતતિનું મૂળ પરદ્રવ્ય છે એટલે કે પરદ્રવ્યના લક્ષે વિકાર થાય છે, પછી ભલે તે સ્ત્રી–પુત્ર આદિ પરદ્રવ્ય હોય કે દેવ–શાસ્ત્ર–ગુરુ હોય પણ પરદ્રવ્યના લક્ષે તો વિકાર જ થાય. વિકારની સંતતિનું મૂળ શું ?–કે વિકારની સંતતિના મૂળમાં પરદ્રવ્યનું સ્વામીપણું છે એટલે કે પરદ્રવ્યના લક્ષે થતાં વિકારનું સ્વામીપણું તે વિકારની સંતતિનું મૂળ છે.

[ અનુસંધાન પાનું ૨૫ ઉપર ]

## ❀ જૈનદર્શન - શિક્ષણશિબિર ❀

દર વર્ષની જેમ સોનગઢમાં પ્રૌઢ વયના ભાઈઓ માટે જૈનદર્શન–શિક્ષણશિબિર પ્રથમ શ્રાવણ વદ બારસ, ગુરુવાર, તા. ૧૧–૮–૭૭ થી બીજા શ્રાવણ વદ બીજ, મંગળવાર, તા. ૩૦–૮–૭૭ સુધી ચાલશે. શિક્ષણશિબિરમાં મોક્ષમાર્ગ–પ્રકાશક અને પ્રશ્નોત્તરમાળા તથા છઢાળા અને જૈનસિદ્ધાંત–પ્રવેશિકા ચાલશે સૌ ભાઈઓએ પુસ્તકો સાથે લાવવા સૂચના છે.

## ❀ જૈનદર્શન-પ્રવચનકાર-શિક્ષણશિબિર ❀

શ્રાવણ વદ ત્રીજ, બુધવાર, તા. ૩૧–૮–૭૭ થી ભાદરવા સુદ એકમ, બુધવાર, તા. ૧૪–૯–૭૭ સુધી સોનગઢમાં પ્રથમ વખત પ્રવચનકારો માટે શિક્ષણ–શિબિર રાખવામાં આવેલ છે, તો સર્વે પ્રવચનકારોને આ શિક્ષણશિબિરમાં ભાગ લેવા માટે સોનગઢ પધારવા સંસ્થા તરફથી આમંત્રણ છે.

## આત્મધર્મના વાર્ષિક લવાજમનું વર્ષ : જુલાઈથી જૂન

સંસ્થાનું હિસાબી વર્ષ જુલાઈથી જૂનનું હોવાથી ગુજરાતી આત્મધર્મનું લવાજમ–વર્ષ પણ હવેથી જુલાઈથી જૂન નક્કી કરવામાં આવેલ છે. તેથી આ વર્ષે ડીસેમ્બર ' ૭૭ થી જૂન' ૭૯ સુધીના ૧૯ માસનું લવાજમ રૂપિયા ૯/– મોકલવા સર્વે ગ્રાહકોને વિનંતી છે.

મનીઓર્ડર નીચેના સરનામે સમયસર મોકલી આપી વ્યવસ્થામાં સહકાર આપશો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ ( સૌરાષ્ટ્ર ) ૩૬૪૨૫૦

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) PIN : 364250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૪૦૦